**સુવિચાર**

''ખુલાશો શાંતિ આપે એવો હોય તો કરાય, દુઃખ આપે એવો હોય તો નહીં.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૧૬૦

## પાલિકાનાં કર્મચારીઓ પાણી વિતરણ વેળા જુદા-જુદા વિસ્તારમાં ફર્યા

# અમરેલીમાં પીવાના પાણીનો બગાડ રોકવા કાર્યવાહી શરૂ

**શહેરનાં અનેક વિસ્તારોમાં પીવાના પાણીનો દુરૂપયોગ થતો હોવાની ફરિયાદ બાદ પાલિકા મેદાનમાં**

**શહેરનાં જે વિસ્તારમાં પાણી વિતરણ હોય તે વિસ્તારમાં પાલિકાનાં કર્મચારીઓએ ચેકિંગ કર્યુ**

**લીલીયા રોડ અને ચોરાપા વિસ્તારમાં પીવાના પાણીનો દુરૂપયોગ થતો હોય મકાન માલીકને દંડિત કરાયા**

**પીવાના પાણીનો દુરૂપયોગ અટકાવવા પાલિકાની કામગીરીથી પાણીનો બગાડ કરનારાઓમાં ફફડાટ**






અમરેલી, તા. ૧૯

અમરેલી પાલિકાનાં શાસકોએ પાલિકા ધ્વારા વિતરણ થતાં પીવાના પાણીનો બગાડ અટકાવવા માટે આજે ચેકિંગ પ્રક્રિયા શરૂ કરીને લીલીયા રોડ અને ચોરાપા વિસ્તારમાં પાણીનો બગાડ કરનારને દંડિત કરીને રકમ વસુલતા પાણીનો બગાડ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીમાં અમુક નળધારકો પાલિકા ધ્વારા વિતરણ થતાં પીવાના પાણીનો ઉપયોગ માર્ગો, વાહનો કે મકાનની દીવાલો ધોવા માટે કરતાં હોય તો અમુક નળ ખુલ્લા મુકતા હોવાની ફરિયાદ ઉભી થતાં પાલિકાનાં ચીફ ઓફિસરે પાલિકાનાં પીવાના પાણીનો બગાડ અટકાવવા માટે થોડા દિવસો પહેલા જાહેર નોટિસ પાઠવીને પાણીનો બગાડ ન કરવા અનુરોધ કરેલ.

બાદમાં આજે પાલિકાની વોટર વર્કસ શાખાનાં કર્મચારીઓએ પાણી વિતરણનાં સમયે લીલીયા રોડ અને ચોરાપા વિસ્તારમાં ચેકિંગ કરતાં પાણીનો બગાડ થતાનું બહાર આવતાં નળ કનેકશન ધારકને દંડિત કરીને રકમ વસુલતા પાણીનો બગાડ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભટેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ ➡ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

## વન વિભાગે પાંજરૂ મુકીને

# ધારીનાં નબાપરામાં આંટાફેરા કરતાં દીપડાને વન વિભાગે જબ્બે કર્યો

**સ્થાનિક વિસ્તારમાં ખૂશીનો માહોલ**



અમરેલી, તા. ૧૯

ગીરકાંઠાના ધારી શહેરના નબાપરા વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી દીપડાના આંટાફેરા વધી ગયાના સમાચાર સામે આવતા અને જે અંગેની જાણ ધારી પાલિકાના સદસ્ય બાલાભાઈ વાડદોરીયાએ વનવિભાગને જાણ કરેલ હતી. જેની નોંધ લઈ વનવિભાગે તાત્કાલિક નબાપરા વિસ્તારમાં દીપડાને પિંજરે પુરવા માટે પાંજરાઓ ગોઠવી દેવામાં આવેલ હતા.

પરંતુ છેલ્લા ત્રણ-ત્રણ દિવસ સુધી વનવિભાગને હાથતાળી આપી છટકી ગયેલ દીપડો આખરે આજે પાંજરે પુરાયો હતો. સ્થાનિક

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પતિએ પત્નીનાં લગ્નનું બીજા સ્થળે નક્કી થતાં મગજ ગુમાવ્યો

# રાજુલાનાં ખેરા ગામે રીસામણે ગયેલ પત્નીનાં ભાઈ અને પિતા ઉપર હુમલો

**પોલીસે કુલ ૩ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાના ખેરા ગામે રહેતા અજયભાઈ ભરતભાઈ ગુજરીયા નામના ૨૬ વર્ષીય યુવકના બહેન અસ્મિતાબેનને આજથી આશરે એકાદ વર્ષ પહેલા ખેરા ગામનો વિનુભાઈ રણછોડભાઈ ગુજરીયા ભગાડી ગયેલ હતો અને તેણે અસ્મિતાબેન સાથે લગ્ન કરી લીધેલ હતા. બાદમાં આ આરોપી અસ્મિતાબેનને હેરાન કરતો હોય અને તેને દુઃખ ત્રાસ આપતો હોય. જેથી અસ્મિતાબેન પોતાની મરજીથી પોતાના માતા-પિતા સાથે રહેવા માટે આવી ગયેલ હતી અને અસ્મિતાબેને રાજુલા કોર્ટમાં પણ માતા-પિતા સાથે જવું છે તેવું જણાવેલ હતું.

**અનુસંધાન પાના ૬ ઉપર**

દુઃખદ અવસાન/બેસણું



સ્વ. મિરાજ (મોન્ટી) મધુભાઈ ચાવડા
સ્વ. તા. ૧૮/૦૬/૨૦૨૬, ગુરૂવાર, (ઉ.વ.૨૯) (અમરેલી)

અમારા ચાવડા પરિવારનાં મિરાજ (મોન્ટી) મધુભાઈ ચાવડા નું તા. ૧૮/૦૬/૨૦૨૬, ગુરૂવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વર સદ્‌ગત આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.....

:: સદ્‌ગતનું બેસણું ::

| બેસણું | ઉત્તરક્રિયા | સ્થળ |
|---|---|---|
| તા. ૨૨/૦૬/૨૦૨૬ સોમવાર | તા. ૨૩/૦૬/૨૦૨૬ મંગળવાર | સરમાળીયા ચોક, બહારપરા, અમરેલી |

લી.
મધુભાઈ બી. ચાવડા
નાનજીભાઈ બી. ચાવડા
હસુભાઈ બી. ચાવડા
બાબુભાઈ બી. ચાવડા
અનિલભાઈ બી. ચાવડા
જયેશભાઈ (ટીનુ) ચાવડા
રમીલાબેન અમરશીભાઈ દાફડા
કે.કે. વાળા
સારંગ મુળજીભાઈ ચાવડા

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨

ડો. મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત
તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સાંજે ૫ થી ૬

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)  ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.)  ડો. દ્રષ્ટિ પંડ્યા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)<br>કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

### ૨૨–૨૩ જૂને રાજયભરનાં જિલ્લાઓમાં પ્રેસ કોન્ફરન્સ દ્વારા વિદ્યાર્થીઓનાં અવાજને વાચા અપાશે

# ગુજરાતમાં પેપર લીક અને પરીક્ષા કૌભાંડો સામે યોજાશે 'છાત્ર–ગુંજ'

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદ યોજી વિગતો દર્શાવી

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આજે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, શિક્ષણ, રોજગાર અને યુવાનોના ભવિષ્ય સાથે સીધો સંબંધ ધરાવતા અત્યંત ગંભીર વિષય પર સમગ્ર ગુજરાત અને દેશનું ધ્યાન દોરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આજે દેશભરમાં શિક્ષણ વ્યવસ્થા એક પ્રકારની ઉઘાડી લૂંટનું માધ્યમ બની ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને લાખો વિદ્યાર્થીઓ તથા વાલીઓ તેની સીધી અસર ભોગવી રહ્યા છે.



છેલ્લા કેટલાક વર્ષોમાં દેશ અને ગુજરાતમાં વારંવાર પરીક્ષાઓના પેપરો લીક થવાના બનાવો સામે આવ્યા છે, જેના કારણે લાખો વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત, વાલીઓના આર્થિક બલિદાન અને યુવાનોના સપનાઓ પર પાણી ફરી વળ્યું છે. માત્ર એક પરીક્ષા રદ થવી એ કોઈ વહીવટી ભૂલ નથી, પરંતુ સમગ્ર પરીક્ષા વ્યવસ્થાની નિષ્ફળતા અને તેમાં ચાલતા કૌભાંડોની સાબિતી છે.

તાજેતરમાં યોજાયેલી NEET પરીક્ષામાં પણ પેપર લીકના ગંભીર આક્ષેપો સામે આવ્યા હતા. દેશભરમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ગુજરાતમાં ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. અગાઉ પણ NEET પરીક્ષા અનેક વખત વિવાદોમાં આવી ચૂકી છે. જયારે વારંવાર પેપર લીક થાય છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓનો સમગ્ર પરીક્ષા પદ્ધતિ પરથી વિાસ ડગમગી જાય છે.

## NEETની તૈયારી કરતાં વિદ્યાર્થીઓનો ખર્ચ ૧.૧૨ લાખ કરોડ અને દેશનું શિક્ષણ બજેટ ૧.૪૦ લાખ

મોદી સરકારના છેલ્લા દસ વર્ષ દરમિયાન અંદાજે ૮૯ જેટલા પેપર લીકના બનાવો સામે આવ્યા છે અને ૪૮ જેટલી પરીક્ષાઓ ફરીથી લેવાની ફરજ પડી છે. NEET ઉપરાંત CBSE, SSC, NDA, વ્યાપમ સહિતની અનેક પરીક્ષાઓમાં પણ કૌભાંડો અને ગેરરીતિઓના આક્ષેપો થયા છે. તેમ છતાં સરકાર દ્વારા કોઈ કાયમી અને અસરકારક ઉકેલ લાવવામાં આવ્યો નથી.

ગુજરાતની સ્થિતિનો ઉલ્લેખ કરતાં અમિત ચાવડાએ જણાવ્યું કે બિનસચિવાલય કલાર્ક, જુનિયર કલાર્ક, હેડ કલાર્ક, ફોરેસ્ટ ગાર્ડ સહિતની અનેક ભરતી પરીક્ષાઓના પેપરો લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો યુવાનોને રસ્તા પર ઉતરીને સંઘર્ષ કરવો પડયો. છતાં પરીક્ષા સંચાલન માટે જવાબદાર અધિકારીઓ અને તંત્ર સામે દાખલારૂપ કડક કાર્યવાહી જોવા મળતી નથી. NEET પેપર લીક મામલે સમગ્ર દેશના વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે, પરંતુ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન દ્વારા કોઈ નૈતિક જવાબદારી સ્વીકારવામાં આવી નથી. આજે લાખો યુવાનો પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સરકાર તેમની પીડા પ્રત્યે સંવેદનશીલ દેખાતી નથી.

લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનોના પ્રશ્નો, પીડા અને આક્રોશનો અવાજ બન્યા છે. તેમણે રાજસ્થાનના કોટા ખાતે યોજાયેલા ' છાત્ર ગુંજ' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સ્થાપિત કર્યો અને પરીક્ષા પદ્ધતિ, શિક્ષણ વ્યવસ્થા તથા યુવાનોના ભવિષ્ય અંગે રાષ્ટ્રીય સ્તરે ચર્ચા શરૂ કરી. NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા ખર્ચનો અંદાજ જોતાં માત્ર NEET પરીક્ષાની તૈયારી પાછળ જ આશરે રૂા. ૧.૩૨ લાખ કરોડ જેટલો ખર્ચ થાય છે. કોચિંગ કલાસીસ, હોસ્ટેલ, પુસ્તકો, રહેવા–જમવા અને અન્ય ખર્ચનો સમાવેશ કરવામાં આવે તો આ આંકડો દેશના શિક્ષણ બજેટની સમકક્ષ થાય છે.

## પેપર લીકનાં કારણે લાખો વિદ્યાર્થીઓનાં સપનાઓ ચકનાચુર થઈ રહ્યા છે

ભારતમાં NEET, JEE, UPSC, SSC, RRB સહિતની સ્પર્ધાત્મક તથા અન્ય મહત્વની પરીક્ષાઓની તૈયારી પાછળ વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા કરવામાં આવતો કુલ ખર્ચ અંદાજે રૂા. ૩.૫ લાખ કરોડ જેટલો હોવાનું માનવામાં આવે છે, જે કેન્દ્ર સરકારના વાર્ષિક શિક્ષણ બજેટ કરતાં અનેક વધારે છે. આ આંકડો દર્શાવે છે કે દેશના પરિવારો શિક્ષણ અને ભવિષ્ય માટે કેટલું મોટું આર્થિક રોકાણ કરે છે, દેશના વિવિધ ભાગોમાં તથા ગુજરાતમાં પણ પરીક્ષા સંબંધિત તણાવના કારણે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કર્યાના બનાવો સામે આવ્યા છે, જે અત્યંત ચિંતાજનક છે.

રાહુલ ગાંધીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કોંગ્રેસ પાર્ટી શિક્ષણ વ્યવસ્થામાં જરૂરી સુધારા, પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા, પેપર લીક અને ભરતી કૌભાંડ સામે કડક કાર્યવાહી તેમજ શિક્ષણના નામે થતી ઉઘાડી લૂંટને રોકવા માટે રાજયવ્યાપી અભિયાન ચલાવશે. વિદ્યાર્થીઓના પ્રશ્નો અને યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને કોંગ્રેસ સતત લડત આપતી રહેશે.

## ૧૦ વર્ષમાં ૮૯ પેપર લીક અને ૪૮ પરીક્ષાઓ ફરી લેવાની નોબત આવી

આવનારી ૨૨ અને ૨૩ જૂનના રોજ ગુજરાતના તમામ જિલ્લા મથકો પર પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો, સૂચનો, ફરિયાદો અને શિક્ષણ વ્યવસ્થાને લગતી ચિંતાઓને વાચા આપવામાં આવશે. જિલ્લા સ્તરે વિદ્યાર્થીઓના અવાજને મજબૂત રીતે ઉઠાવી સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત આ પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર, પ્રવકતા ડો. મનીષ દોશી, મીડિયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રદેશ મહામંત્રી અને અમદાવાદ શહેર પ્રભારી ડો. હિમાંશુ પટેલ, પ્રવકતા ડો. હિરેન બેન્કર, મુકેશ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

---

### વાંશિયાળી ગામનાં નાગરિક વિનોદભાઈ દેવશીભાઈ બગડા દ્વારા

# સાવરકુંડલાની શેલણા જિલ્લા પંચાયતનાં ભાજપનાં સદસ્ય સામે થયેલ આક્ષેપો તદ્દન પાયાવિહોણા

### ભાજપા સદસ્ય પ્રકાશભાઈ પાનસુરિયાએ સમગ્ર હકીકતોનો પર્દાફાશ કર્યો

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલાનાં વાંશિયાળી ગામનાં નાગરિક વિનોદભાઈ દેવશીભાઈ બગડાએ જિલ્લા પંચાયતનાં શેલણા બેઠકનાં સદસ્ય પ્રકાશભાઈ પાનસુરિયા વિરૂધ્ધ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તે પત્રની નકલ ''અમરેલી એકસપ્રેસ''માં મોકલીને ગત તા. ૨૨ મે નાં રોજ પેઈઝ નં. ૨ ઉપર ''સાવરકુંડલાની શેલણા જિલ્લા પંચાયતનાં સદસ્ય સામે ગંભીર આક્ષેપો'' શિર્ષક હેઠળ સમાચાર પ્રસિધ્ધ કરાવેલ અને તેઓએ કરેલ આક્ષેપો તદન પાયા વિહોણા હોવાનું જિલ્લા પંચાયતનાં સદસ્ય પ્રકાશભાઈ પાનસુરીયાએ જણાવેલ છે.

તેઓએ આધાર–પુરાવા સાથે જણાવેલ છે કે, સર્વે નં. ૨૬૫ એ ગું. ૧૨–૩૨ની જમીન અમરેલી જિલ્લા સાવરકુંડલા તાલુકાનાં વાંશિયાળી ગામમાં આવેલ છે. તે જમી ગામના રાજગોર રણછોડ વિઠ્ઠલને આઝાદી વખતથી ગ્રો મોર ફુડ હેઠળ વાવવા અપાયેલ હતી. ત્યારબાદ રાજગોર રણછોડ વિઠ્ઠલ છ સાત વર્ષથી સતત આ જમીન વાવતા હોય, તેઓને કાયમી મળવા માંગણી કરતા તે અંગેનો કેસ ચાલેલ અને સરકાર તરફથી ૨૦ પટ્ટની એક વખત ઓ.પી. (કબ્જા કિંમત)ની રકમ વસુલ લઈને સને–૧૯૫૯માં કાયમી માટે આપવામાં આવેલ હતી. આ જમીન પૈકી એ.૬–૩૨ ગું જમીન પ્રકાશભાઈનાં દાદાએ સને–૧૯૬૯માં તેમની જૂની શરતની ખેતીની અન્ય જમીન સાથે અદલા–બદલી દસ્તાવેજથી રાખેલ હતી. તેમજ આ જમીન પૈકીની એ.૪–૦૦ ગું. જમીન સને–૧૯૮૮માં પ્રકાશભાઈના પિતાએ વેચાણથી રાખેલ હતી. જે અંગેની ફેરફાર નોંધના ચેકલિસ્ટમાં સક્ષમ અધિકારીએ આ જમીન જૂની શરતની હોવાનું દર્શાવેલ છે. તેમજ આ જમીન કાયમી આપ્યાના સને–૧૯૫૯નાં મૂળ ઠરાવના સાધનિક કાગળોમાં મે. સમાહર્તા સાહેબશ્રી ગોહિલવાડ, ભાવનગરના લે.વ.નં. ૭૯૫, તા. ૩૦/૧૦/૧૯૫૮નાં અહેવાલ/શેરાની વિગતમાં તા.ક.માં નવી શરતથી આપવામાં આવે તો જ છ થી બાર પટની રકમ લેવાની રહે અને વેચાણ હકકથી આપવામાં આવે તો માર્કેટ વેલ્યુ પ્રમાણે ઓ.પી. કબ્જા કિંમત લેવાની રહેવા અંગે જણાવેલ છે. તેમજ ડી.ઈ.લે.રે ભાવનગરના લેન્ડ સી. ૩૮/૫૯, તા. ૦૭/૦૭/૫૯નાં અહેવાલ/શેરાની વિગતમાં સદરહુ જમીન અરજદારને કાયમ ખાતે આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. તેમજ મામલતદાર કુંડલાના લેન્ડ નં. ૬૭/૬૧, તા. ૦૫/૦૧/૬૧ના અહેવાલ/શેરાની વિગતમાં સને–૧૯૫૯નાં મૂળ ઠરાવમાં આ જમીન અપાયેલ છે તે કેવા પ્રકારના હકકથી આપવામાં આવી છે તેનો ઉલ્લેખ ન હોવાની, અપાયેલ જમીનનો હકક પ્રકાર નકકી થવાનો બાકી હોવાની તથા સને–૧૯૫૯નાં મૂળ ઠરાવમાં હકક પ્રકાર નકકી થયેલ ન હોવાની વિગતો દર્શાવેલ છે. તે મુજબ આ જમીન ૨૦ પટ્ટની એક વખત ઓ.પી. (કબ્જા કિંમત)ની રકમ વસૂલ લઈને જે તે વખતે આપવામાં આવેલ હોય જૂની શરતની જ ગણાય છે. જે અંગે મામલતદાર સાવરકુંડલા ધ્વારા તેમના હુકમ નં. જમન/વશી/૪૮૮૮/૧૭ તા. ૧૫/૦૬/૨૦૧૭થી આ જમીનમાં શરતચૂકથી ''નવી શરત'' લખાયેલ હતું તેને બદલે ''જૂની શરત''નો સત્તાપ્રકાર ગણવા રેકર્ડ સુધારા હુકમ પણ કરવામાં આવેલ છે. પરંતુ ૭/૧૨ માં જૂની શરત લખાયેલ ન હોવાથી, કલેકટર અમરેલીના તા. ૩૧/૦૭/૨૦૨૩નાં હુકમથી આ જમીન કાયમી આપ્યાના સને–૧૯૫૯ ના મૂળ ઠરાવના સાધનિક કાગળોની ખરાઈ કર્યા સિવાય અને આ જમીનનો સત્તા પ્રકાર નકકી કર્યા અંગેનો સક્ષમ સત્તાધિકારી ધ્વારા કયારેય કોઈ હુકમ થયેલ ન હોવા છતાં પ્રકાશભાઈ કુટુંબનો આશરે ૫૬ વર્ષ ઉપરાંતનો કોઈપણ જાતના લીટિગેશન અને તૂટ વગરનો, સતત, EXCLUSIVE AND PEACEFUL કબ્જો–ભોગવટો ચાલી આવેલ હોવા છતાં, લિમિટેશન એકટ અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ જઈ આ જમીન નવી શરતની હોવાનું રેકર્ડની હકીકતથી વિરૂધ્ધનું, ખોટું, ફકત ને ફકત ઉપજાવી કાઢેલ અને અનુમાન આધારિત કારણ દર્શાવી, શરતભંગ બદલ સરકાર ખાલસા કરવાનો હુકમ કરેલ તથા સાથે પ્રકાશભાઈ સરકારના મહેસૂલ વિભાગના તા. ૧૭/૦૩/૨૦૧૭નાં પરિપત્રની જોગવાઈનો લાભ મેળવીને નવી શરતની જમીનના શુધ્ધબુધ્ધિ પૂર્વકના વેચાણ (બોનાફાઈડ પર્ચેઝર)નો લાભ પ્રિમીયમની રકમ ભરપાઈ કરી મેળવવા માંગતા હોય તો તે અંગે દિન–૩૦માં અરજી કરી શકે તે અંગેનું હુકમમાં જ લેખિત સૂચના આપવામાં આવેલ. તેમજ બોનાફાઈડ પર્ચેઝરનો લાભ મેળવવા માટે સમયમર્યાદામાં અરજી રજૂ ન કરે તો જ જમીન સરકાર ખાલસા ગણી, જમીન ખાલી કરવા મામલતદાર, સાવરકુંડલાને અધિકૃત કરવામાં આવેલ. પરંતુ પ્રકાશભાઈએ બોનાફાઈડ પર્ચેઝરનો લાભ મેળવવા તથા પ્રિમિયમ ભરવા કલેકટર અમરેલીને તા. ૨૮/૦૮/૨૦૨૩નાં રોજ નિયમ સમયમર્યાદામાં દિન–૩૦ પહેલા જ અરજી ક્રમાંક : ૧૧૩૦૮૨૦૨૩૦૦૯૧૮ તથા ૧૧૩૦૮૨૦૨૩૦૦૯૧૭ તથા ૧૧૩૦૮૨૦૨૩૦૦૯૧૬થી અરજીઓ કરી દીધેલ છે. જે બોનાફાઈડ પર્ચેઝરનો લાભ મેળવવાની અરજી અન્વયેની કાર્યવાહી હાલમાં ચાલુંમાં છે.

ટૂંકમાં, આ જમીન સરકારે કબ્જા કિંમતની રકમ વસૂલ લઈને સને–૧૯૫૯માં કાયમી આપેલ હતી અને આશરે ૬૬ વર્ષથી ખાનગી ખાતેદારોના કબ્જા ભોગવટામાં છે અને આશરે ૫૬ વર્ષથી પ્રકાશભાઈ તથા તેનું કુટુંબ તેમાં ખેતી કામ કરે છે અને કલેકટર અમરેલીના તા. ૩૧/૦૭/૨૦૨૩નાં હુકમથી આપેલ માર્ગદર્શન મુજબ નિયત સમયમર્યાદામાં દિન–૩૦ પહેલા જ કરેલ શુધ્ધબુધ્ધિ પૂર્વકના વેચાણ (બોનાફાઈડ પર્ચેઝર)નો લાભ મેળવવાની અરજી અંગેની કાર્યવાહી કલેકટર અમરેલી સક્ષમ ચાલુમાં છે. જે મુજબ આ જમીન આશરે ૫૬ વર્ષથી પ્રકાશભાઈનાં વડીલોપાર્જિત ખાનગી જમીન હોય, આ જમીન કોઈ સરકારી જમીન ન હોય, કોઈ ગેરકાયદેસરનો કબ્જો કે દબાણ કરેલ નથી. જે મુજબની હકીકત હોય, જિલ્લા પંચાયતના સભ્યના સોગંદનામામાં જમીન અંગેની કોઈ વિગત છૂપાવવામાં આવેલ નથી. તેઓ વિરૂધ્ધનાં તમામ આક્ષેપો ખોટા હોય તેમ તેઓએ આધાર–પુરાવા સાથે જણાવેલ છે.

---

### ચાર દિવસથી બાળક ગુમ થયા બાદ

# વડિયા પોલીસે પરિવારથી વિખુટા પડેલા બાળકનું મિલન કરાવી માનવતા મહેકાવી

### ૧૧૨ની મદદથી બાળક પોલીસ સ્ટેશન પહોંચ્યો



વડિયા, તા. ૧૯

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના રેલ્વે સ્ટેશન પર એક બાળક એકલું બેઠું હોય તેની રેલ્વે કર્મચારી દ્વારા પૂછપરછ કરતા તે બાળક પરિવારથી વિખુટું પડયાનું માલુમ પડતા તે રેલ્વે કર્મચારી દ્વારા ૧૧૨ને જાણ કરતા વડિયા ૧૧૨ની ટીમે તે બાળકને રેલ્વે સ્ટેશનથી લાવી વડિયા પોલીસને સોંપતા વડિયા પોલીસે આ બાળક ભૂખ્યું હોવાથી તેને ભોજન કરાવી માનવતા મેહકાવી હતી અને ત્યારબાદ તેની પૂછપરછ કરતા તે બાળક કોઈ દેવીપૂજક પરિવારનું હોવાનું માલુમ પડયું હતું. આ બાબતે સોશ્યલ મીડિયામાં પણ આ બાળકની તસવીરો વાઈરલ થઈ હતી. ત્યાં આ રાજ નામનો બાળક ગુમ થયાની રાજકોટના મેટોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા વડિયા પોલીસે મેટોડા પોલીસનો સંપર્ક કરી તેના બાળકના પિતા કિશનભાઈ આંબલિયાને બોલાવી તે ને રૂબરૂ ખરાઈ કરી તેના પિતાને સોંપવામાં આવેલ હતો. ત્યારે બાળકના પિતાએ પોલીસનો આભાર માની વડિયા પોલીસની કામગીરીની સરાહના કરી હતી.

---

### બગસરા નજીક આવેલ ઘંટીયાણ ગામે

# સિંહણનાં હુમલામાં બાળકનાં મુત્યુ કેસ અંતર્ગત ૧૦ લાખની સહાય

### પ્રાંત અધિકારી અને વન વિભાગે પીડિત પરિવારને સહાય ચુકવી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા પંથકમાં ઘંટીયાણ ગામે ગત તારીખ ૧૧ નાં રોજ સિંહણ અને બે બચ્ચાએ એક સાત વર્ષિય પ્રરપાતીય બાળકને ફાડી ખાધા બાદ બાળકના પરિવાર ધ્વારા બે દિવસ સુધી બાળકની ડેડ બોડી સ્વીકારવામાં આવી ના હતી. ત્યારે વન વિભાગ ધ્વારા સમજાવટથી આ પરિવારએ આ બાળકના મૃત દેહને સ્વીકારવામાં આવ્યો હતો. ત્યારે આ પરિવાર ફકત એક જ માંગ કરવામાં આવી હતી કે, આગામી સમયમાં આવા કોઈ બનાવ ના બને તેના માટે વન વિભાગ ધ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે ત્યારે બાદમાં વન વિભાગ તેમના પરિવારને યોગ્ય કાર્યવાહી કરવા બાયંધરી આપવામાં આવી હતી. ત્યાર બાદમાં આજરોજ આ પરિવારને પોતાના સંતાન ખોવા બદલ વન વિભાગ ધ્વારા ૧૦ લાખનો ચેક આપવામાં આવેલ હતો. આ ચેક પ્રાંત અધિકારી નંદા હસ્તક આપવામાં આવ્યો હતો. આ તકે વન વિભાગના અધિકારી જે.એન. વાળા, એમ.એ. સમા, એ.ડી. વાળા, એમ.એ. વાઢિયા, ડી.કે. બગડા તેમજ ઘંટીયાણ ગામના સરપંચ કલ્પેશભાઈ સોજીત્રા હાજર રહ્યા હતા અને આ પરિવારને ચેક આપવામાં આવ્યો હતો.

---

### સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા કટાક્ષથી રાજકીય ચર્ચા ચગડોળે ચડી

# અમરેલી : ભાજપ અગ્રણી દ્વારા પક્ષપલટા કરનારા જનપ્રતિનિધિઓ પર વ્યંગાત્મક કાર્ટુન પોસ્ટ વાયરલ કરાઈ

### જો કે જનતામાં વાયરલ પોસ્ટ સચોટ હોવાની ચર્ચા

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા ભાજપના અગ્રણી ડો. ભરત કાનાબાર દ્વારા સોશ્યલ મીડિયામાં પોસ્ટ વાયરલ કરવામાં આવેલ છે. જેમાં તાજેતરમાં સોશ્યલ મીડિયા પર એક વ્યંગાત્મક કાર્ટૂન અને કટાક્ષસભર લખાણ વાયરલ થતાં રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. વાયરલ પોસ્ટમાં દેશના વિવિધ રાજયોમાં વિરોધ પક્ષના ચૂંટાયેલા ધારાસભ્યો અને સાંસદો મોટી સંખ્યામાં સત્તાધારી પક્ષમાં જોડાઈ રહ્યા હોવાના મુદ્દાને કેન્દ્રમાં રાખીને કટાક્ષ કરવામાં આવ્યો છે.

વાયરલ થયેલા લખાણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, દેશના વિવિધ રાજયોમાં વિરોધ પક્ષોના ચૂંટાયેલા અનેક ધારાસભ્યો અને સાંસદો મોટી સંખ્યામાં પોતાના પક્ષને અલવિદા કહી રહ્યા છે. સાથે જ પ્રાચીન પુરૂષાર્થ અને ધાર્મિક ગ્રંથોના સંદેશનો ઉલ્લેખ કરીને લખવામાં આવ્યું છે કે, પવન પ્રમાણે સઢની દિશા ફેરવી શકે એ જ આ ભવસાગરને નિવિદને પાર કરી શકે છે, જેનો સંદર્ભ હાલના રાજકીય પક્ષપલટા સાથે જોડવામાં આવ્યો છે.

કાર્ટૂનમાં એક નાવનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે, જેમાં કેટલાક રાજકીય નેતાઓ ''સત્તા, સુખ અને સુવિધા'' લખેલા સઢ હેઠળ મુસાફરી કરતા જોવા મળે છે. નાવ એક કિનારેથી બીજા કિનારે જઈ રહી હોવાનું દર્શાવાયું છે, જયારે પાછળ રહેલા કાર્યકરો અને મતદાતાઓ ચિંતિત સ્થિતિમાં દેખાડવામાં આવ્યા છે.

કાર્ટૂનમાં સિદ્ધાંત, વિચારધારાએ બધું તો ગરીબ લોકો માટે છે, અમે તો વ્યવહારૂ સંતો છીએ જેવા શબ્દો દ્વારા પક્ષપલટા અને રાજકીય વ્યવહારવાદ પર વ્યંગ કરવામાં આવ્યો છે.

રાજકીય વિશ્લેષકોના મતે છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ રાજયોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પક્ષ બદલવાની ઘટનાઓમાં વધારો નોંધાયો છે. આવા પ્રસંગો લોકશાહી મૂલ્યો, પક્ષની વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને મતદારોના વિશ્વાસ અંગે સમયાંતરે ચર્ચા ઊભી કરતા રહ્યા છે. બીજી તરફ કેટલાક રાજકીય નેતાઓ પક્ષપલટાને વિકાસ, વિસ્તાર અને જનહિત માટે લેવાયેલો નિર્ણય ગણાવે છે.

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલી આ પોસ્ટને લઈને સમર્થકો અને વિરોધીઓ વચ્ચે તીવ્ર ચર્ચા જોવા મળી રહી છે. કેટલાક લોકોએ તેને વર્તમાન રાજકીય પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્ર ગણાવ્યું છે, જયારે અન્યોએ તેને એક તરફી રાજકીય પ્રચાર અને કટાક્ષ તરીકે ગણાવી છે.

રાજકીય ક્ષેત્રમાં પક્ષપલટાની વધતી ઘટનાઓ વચ્ચે વાયરલ થયેલું આ કાર્ટૂન અને લખાણ લોકશાહી વ્યવસ્થામાં વિચારધારા સામે સત્તા અને સુવિધાના પ્રશ્નને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં લાવતું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

---

### નગરપાલિકાનાં સદસ્યાએ કરી માંગ

# અમરેલીમાં સમાજ સંગઠક શાખા (સખી મંડળ)ની માન્યતા આપવાનુ શરૂ કરો

### ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૯

અમરેલી પાલિકાનાં સદસ્યા કલગીબેન ચિરાગભાઈ ત્રિવેદીએ ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલીકાના સમાજ સંગઠક શાખા દ્વારા અમરેલી શહેરની ઉદ્યોગ સાહસીક મહિલા દ્વારા ચલાવતા નવા સખી મંડળને માન્યતા આપવાનું ગુજરાત સરકારના GULM શાખા દ્વારા ઘણા સમયથી બંધ છે. સખી મંડળની રચનાને ગુજરાત સરકારનાં પૂર્વ મુખ્યમંત્રી તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘ દ્રૃષ્ટિથી મહિલાઓને સ્વરોજગાર મળે તેમજ બચતવૃતિથી પ્રેરાઈ તેવા સારા ઈરાદાથી ચાલુ કરવામાં આવી હતી. આ સખીમંડળ રચવા માટે અમરેલી નગરપાલિકાના સમાજ સંગઠક શાખામાં લગભગ ૩૦૦ જેટલી અરજી આવેલ છે. સખી મંડળએ મહિલાઓને એક બનીને નેક બનીને વ્યવસાય કરવા માટે પ્રેરે છે. તો આ બાબતમાં તાત્કાલીકપણે યોગ્ય કરી મહિલાઓને વ્યવસાયમાં મોટુ યોગદાન આપી રાષ્ટ્રના વિકાસ માટે સહભાગી બનવા અંતમાં માંગ કરેલ છે.

---

# અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાશે 'ફ્રી સમર સ્કિલ વર્કશોપ–૨૦૨૬'

અમરેલી, તા. ૧૯

ધો. ૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા હોય તેવા અમરેલી જિલ્લાના ઉમેદવારોને રોજગારીલક્ષી માર્ગદર્શન મળી રહે અને તેમની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે જરૂરી કૌશલ્ય વિકાસના હેતુસર કૌશલ્ય વર્ધન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાનાર આ તાલીમથી ઉમેદવારો વાકેફ થાય તેમજ તેઓને કારકિર્દી ઘડતર માટે વિશેષ માર્ગદર્શન મળી રહેશે. આગામી તા. ૨૨ જૂન અને તા.૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી અમરેલી આઈ.ટી.આઈ. ખાતે ''FREE SUMMER SKILL WORKSHOP ૨૦૨૬''નું આયોજન છે.

જેમાં કમ્પ્યુટર, સીવણ, ઈલેકિટ્રકલ, મિકેનિકલ, સિવિલ, હેલ્થ, કેમિકલ, બ્યુટી પાર્લર જેવા વિવિધ ગ્રુપની ૨ દિવસની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તે અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આથી, ધો. ૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને લાભ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ (૯૪૨૪૦ ૧૭૬૨૬) પર પોતાનું નામ લખી વ્હોટસ અપ મેસેજ કરી તા.૨૧ જૂન, ૨૦૨૬ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવું.

આ અંગેની વધુ વિગતો પણ આ નંબર પર સંપર્ક કર્યેથી મેળવી શકાશે, તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

### કરિયાણાની દુકાને ખરીદી કરવા જતાં

# સાવરકુંડલાનાં દોલતી ગામની મહિલાનાં સોનાનાં ચેઈનની ચોરી કરવામાં આવી

**૨ અજાણી મહિલા અને ૧ અજાણ્યા પુરૂષ વિરૂધ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે પટેલ વિસ્તારમાં રહેતા ચતુરાબેન કાળુભાઈ વાઘમશી નામના ૫૭ વર્ષીય આધેડ મહિલા ગત તા. ૧૬ના સવારના આશરે પોણા બારેક વાગ્યાની આસપાસ રાજુલા-સાવરકુંડલા રોડ ઉપર રાજાણી કરીયાણાની દુકાને કરીયાણુ લેવા માટે ગયેલ હોય. તે વખતે બે કોઈ અજાણી મહિલાઓ તથા એક અજાણ્યા પુરૂષે મહિલા સાથે ધક્કા-મુકી કરી અને મહિલાએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન જેનુ વજન ૩૫.૬૩૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧,૧૭,૦૦૦નો મહિલાની નજર ચુકવી જાણ બહાર આ અજાણ્યા સ્ત્રી-પુરૂષો ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં

# બાબરાનાં મોટા દેવળીયા ગામે જનકલ્યાણ શિબિર યોજાઈ

**જિલ્લા પંચાયતનાં સદસ્યા પણ ઉપસ્થિત રહ્યા**

બાબરા, તા. ૧૯

મોટાદેવળીયા ખાતે ''જનકલ્યાણ શિબિર''નું આયોજન કરવામાં આવેલ જનકભાઈ તળાવિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ જેમાં જિલ્લા પંચાયત સદસ્ય મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળ, પ્રતિનિધી પ્રભાતભાઈ કોઠીવાળ તેમજ બાબરા તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, ઉપપ્રમુખ ઉર્મિલાબેન મનીષાભાઈ કારેણા, જિલ્લા પંચાયત કોટડાપીઠા સદસ્ય શિલ્પાબેન હિતેશભાઈ કલકાણી, પ્રતિનિધિ બગડા તાલુકા પંચાયત સદસ્ય, બાબરા બ્લોક હેલ્થ ઓફિસર ડો. જયેશ ભટ્ટી, આચાર્ય નવયુગ વિદ્યાલય, સરપંચ, ઉપસરપંચ, બાબરા તાલુકાના વિવિધ વિભાગના કર્મચારીઓ, તાલુકા પંચાયત બાબરાના નવનિયુકત તમામ સદસ્યો, હસુખભાઈ જાવિયા વિમલભાઈ પરમાર, મનિષભાઈ કારેણા હાજર રહિ કાર્યક્રમને હાર્દને સફળ બનાવ્યો.

આ કાર્યક્રમમાં બહોળા પ્રમાણમાં નાગરિકો (જિલ્લા પંચાયત સીટના તમામ ગામોના) સરપંચની વિવિધ યોજનાઓને સમજી સાથોસાથ લાભાન્વિત થયા મોટા દેવળીયા જિલ્લા પંચાયત સીટના તમામ ગામના નાગરિકોએ ઉત્સાહસભર આ કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ રજુ કર્યુ.

ધારાસભ્ય દ્વારા ઉપસ્થિત તમામ લોકો અને લાભાર્થીઓને સરકારના વિવિધ કાર્યક્ષેત્ર લાભ અને યોજનાઓ અંગે માહિતગાર કરી વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લે તેમજ કયારે પણ કોઈપણ કાર્ય માટે તેમની જરૂરિયાત સમયે હાજર રહેવાની ખાતરી આપેલ.

મોટા દેવળીયા સીટના વિવિધ લાભાર્થીઓને સ્થળ પર વિતરણ કરવાની સાથોસાથ પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા મોટા દેવળીયાના તથા જિલ્લા પંચાયત સીટના તમામ ગામના લાભાર્થીઓને તમામ પ્રકારના લાભ અપાવવાની કટિબધ્ધતા દર્શાવી સાથોસાથ હિતેશભાઈ કલકાણી યોજનાકિય માહિતીઓ સાથે આરોગ્ય અંગે ડાંગર દ્વારા સમજુતી આપવામાં હતી.

પગાર કેન્દ્ર શાળા પરિવાર દ્વારા આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનું સન્માન પુષ્પ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ.

''જનકલ્યાણ શિબિર'' કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સીટના સમાવિષ્ટ ગામો નાગરિકોની હાજરી સાથે કાર્યક્રમ દરમ્યાન વિવિધ યોજનાનો લાભ મેળવી જનકલ્યાણ શબ્દને સાર્થક કર્યો.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

આ કાર્યક્રમ વિચારરૂપ આયોજન કરવામાં મનિષભાઈ કારેણા હસુભાઈ જાવિયા, વિમલભાઈ પરમારની સમગ્ર ટીમ સાથે સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.જે. ચૌહાણ દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમ અંતે મંચસ્થ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ કરી મા-ભોમની સલામી સાથે કાર્યક્રમનું સમાપન થયું.

# બાબરાનાં ઉદ્યોગપતિ શૌકતભાઈનાં માતૃશ્રીનું અવસાન થતાં વિવિધ સમાજનાં આગેવાનોએ શ્રધ્ધાંજલિ પાઠવી

બાબરા, તા. ૧૯

બાબરા શહેરના જાણીતા જીનીંગ ઉદ્યોગપતિ, સેવાભાવી અગ્રણી અને કોમી એકતાના પ્રખર હિમાયતી શૌકતભાઈ ગાંગાણીના માતૃશ્રી નૂરબાનુંબેન બરકતભાઈ ગાંગાણીનું ૮૦ વર્ષની વયે અવસાન થતાં બાબરા શહેર તથા સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેમના નિધનના સમાચાર મળતા જ વેપારી આલમ, જીનીંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા અગ્રણીઓ, વિવિધ સમાજોના પ્રતિનિધિઓ, રાજકીય, સામાજિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં ગાંગાણી પરિવારના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી સદગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

નૂરબાનુંબેનના દફનવિધિ પ્રસંગે તેમજ બેસણામાં પણ મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના તમામ સમાજોના લોકોની ઉપસ્થિતિએ ગાંગાણી પરિવાર પ્રત્યેનો પ્રેમ, લાગણી અને સન્માન વધુ એક વખત ઉજાગર કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે શૌકતભાઈ ગાંગાણી વર્ષોથી જીનીંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ આગવી ઓળખ ધરાવે છે. શિક્ષણ, આરોગ્ય અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. શહેરમાં



કોઈપણ સમાજનો કાર્યક્રમ હોય કે જાહેર હિતનો પ્રશ્ન, તેઓ હંમેશા અગ્રેસર રહી સેવા અને સહકારની ભાવનાને પ્રોત્સાહિત કરતા રહ્યા છે. ખાસ કરીને હિન્દુ-મુસ્લિમ એકતા અને સામાજિક સૌહાર્દ જળવાઈ રહે તે માટે તેમના પ્રયત્નો હંમેશા પ્રશંસનીય રહ્યા છે.

માતૃશ્રીના નિધનના આ દુ:ખદ પ્રસંગે બાબરા શહેર અને તાલુકાના અને જિલ્લાના લોકોએ જે આત્મીયતા, સહાનુભૂતિ અને સધિયારો આપ્યો છે ત્યારે પરિવારે જણાવ્યું હતું કે દુ:ખની આ ઘડીમાં શહેરના સર્વ સમાજના લોકોએ પરિવારની સાથે ઉભા રહી માનવતા, ભાઈચારા અને સામાજિક એકતાનું પણ અનોખું ઉદાહરણ પૂરૂં પાડયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પરિવાર માટે સાંત્વના અને સધિયારો પૂરો પાડવા બદલ મર્હુમ બરકતભાઈ ભીમજીભાઈ ગાંગાણી પરિવાર દ્વારા હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવી છે. હંમેશા પરિવાર આ સમયે સાથે રહેનાર દરેકના ઋણી રહેશે.

### મુસાફરોની હાલત અતિ કફોડી બની

# બગસરાનાં એસ.ટી. ડેપોમાં અંબાજી રૂટની બસ અનિયમિત હોવાથી નારાજગી

**મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવાની તૈયારી**

બગસરા, તા. ૧૯

બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લા ઘણા સમયથી ડેપો મેનેજરની અણ આવડતના લીધે સરકારની બદનામી થતી હોય છે. તાજેતરમાં જ બગસરામાં એક ઘટના બની હતી. વ્હેલી સવારે બગસરાથી અંબાજી જતી બસ ઉપરા ઉપર એકાંતરા પહેલા દોઢ કલાક અને ત્યારબાદ સવા કલાક ડ્રાઈવર ન આવવાથી બસ ઉપડી ન હતી. ત્યારબાદ પેસેન્જર પોતાનો સામાન લઈને આમથી આમ ભટકતા રહ્યા માંડ માંડ બીજા ડ્રાઈવર ગોતીને લાવ્યા ત્યારે આ બસમાં બુકિંગ કરેલ પેસેન્જરે હાશકારો અનુભવ્યો હતો. કારણ કે આવું તો અનેક વાર બગસરા ડેપોમાં બને છે હાલતા ડ્રાઈવર કહે મારે નથી આવવું કંડકટર એમ કહે મારે નથી એવું તો તે બસમાં બુકિંગ કરેલ પેસેન્જરને શું સમજવું. અનેકવાર વિભાગીય નિયામકને પણ બગસરાની વિવિધ સંસ્થાઓ દ્વારા આ ડેપો મેનેજરની ફરિયાદ કરી અને ડેપોમાં ગેરરીતે વહીવટ ચાલતો હોય જેથી પેસેન્જર હેરાન થતા હોય તે ફરિયાદો સરકાર સુધી પણ પહોંચી છે. ત્યારે આવનાર સમયમાં કંઈક નવાજૂની થશે તો નવાઈ ન કહેવાય. જો કે બગસરામાં ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી આવવાના હોય જેથી સંસ્થાઓએ નક્કી જ કર્યુ છે કે તમામ ફરિયાદો મુખ્યમંત્રીને કરવી કારણ કે બગસરામાં તો કોઈ અધિકારી ધ્યાન ન દેતા હોય અને ડેપો મેનેજર પોતાના અંગત ડ્રાઈવર-કંડકટરોને જોઈએ તે પ્રમાણે રૂટમાં મૂકવામાં આવે છે જે તેનું કામ કરી દે તેને કોઈપણ જાતના નિયમો લાગે નહીં. બાકી બધા ડ્રાઈવર- કંડકટરને નિયમ લાગે તેવું શાસન એસ.ટી. ડેપોમાં ચાલે છે. છતાં બગસરામાં મુખ્યમંત્રી આવે પછી જ એક સંસ્થા દ્વારા ઉગ્ર લેખિત માંગણી સાથે આવેદનપત્ર પણ આપવામાં આવશે તેવું લોકોમાં તથા સંસ્થાઓમાં ગણગણાટ જોવા મળ્યો છે.


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર
મકાન વેચવાનું છે
અમરેલીનાં ચિત્તલ રોડ ઉપર આવેલ મકાન જેમાં ૪ બેડરૂમ, હોલ, કિચન, ફિક્સ ફર્નીચર સાથેનું મકાન વેચવાનું છે.
સંપર્ક : 82006 38624

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::


















# ‘હિંદ છોડો’ની ક્રાંતિકારી મહિલા કનકલતા બરૂઆ

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

સ્વતંત્રતા અપાવવા માટે ભારતનાં અસંખ્ય લોકોએ મહેનત કરી હતી. એમાં બાળકો, યુવાનો, યુવતીઓ, મહિલાઓ, પુરૂષોનો સમાવેશ થાય છે. એ સમય એવો હતો કે જયારે મહિલાઓને ઘર બહાર નીકળવાની બંધી હતી. દીકરીઓને શિક્ષણ અપાતુ નહોતું. બહારગામ મોકલવાની તો વાત કયાં રહી ? તેમ છતાં ગાંધીજી અને સત્ય નેતાઓની સમજાવા, આગ્રહથી બહેનો ઘરની બહાર નીકળી આંદોલનમાં ભાગ લેવા માંડી સરઘસો, પ્રભાતફેરી, ખીકેટીંગ, ધરણાં વિગેરેમાં સહભાગી બનેલી. અસંખ્ય બહેનોએ જોરજોરથી અંગ્રેજો સામે લડી હતી. એમાંની કેટલાક ઈતિહાસનાં પાને ચડી તો કેટલીક બહેનોનાં નામ પણ કયાંય લખાયા નથી. એમને કોઈ જાણતું પણ નથી. પણ જેમના વિશે થોડીઘણી માહીતી મળી છે. એવાં તરવરિયા સ્વાતંત્ર્ય સેનાનીઓની વાતો આપણી સમક્ષ આવી રહી છે. એમાંની એક ક્રાંતિકારી મહિલા છે કનકલતા બરૂઆ.

આઠ ઓગષ્ટે ગાંધીજીએ એલાન કર્યું ‘‘હિંદ છોડો’’ ‘‘કબીર ઈન્ડિયા’’ અને ત્યારબાદ સમગ્ર ભારત મહાસાગરની માફક ખળભળી ઉઠયો ને એક એવો જુવાળ આવ્યો કે અંગ્રેજો એને સહન કરી શકયા નહિ ને અંતે ૧૯૪૭ની ૧૪મી તારીખની રાત્રે હિંદ છોડી ચાલ્યા ગયા.

એ ક્રાંતિકારી મહિલા કનકલતા બરૂઆ વિશે ચંદ્રકાંત પટેલે ‘સરલ’ આ નોંધ લેખ લખેલ છે. જે આપણની સપક્ષ વાંચવા માટે મૂકેલ છે. જે યોગ્ય તો આ નંબર પર ફોન કરવા વિનંતી : મો.૮૭૩૫૯ ૦૨૪૨૪.

‘હિન્દ છોડો’ આંદોલન દેશના તમામ રાજયોમાં આગ બનીને ફેલાઈ ગયું હતું. તેમાં પંજાબ, મહારાષ્ટ્ર, કરાંચી, બંગાળ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, અસામ, બિહાર મધ્યપ્રદેશ, સિંધ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, દિલ્હી અને દક્ષિણી રાજયોમાં તેની વ્યાપકતા વધારે હતી. આમાં મહિલાઓ પણ જોડાઈ હતી.

આસામમાં જોરદાર અને ઝનૂનપૂર્વક લડનારી આસમી મહિલા કનકલતા બરૂઆ નામની એક બીજી ઝાંસીની રાણી જેવી નીડર, મુખ્ય વિદ્રોહકર્તા નારી હતી.

કનકલતાએ ઘરમાં બેસી રહેનારી મહિલાઓને ઘરની બહાર કાઢી હાથમાં ઝંડા પકડાવી મેદાનમાં ઉતારી હતી. તેમણે ઠેર ઠેર ભાષણો કરી મહિલાશકિતને પ્રબળ બનાવી હતી. અંગ્રેજ સેનાએ તેમને પકડી અસહ્ય સિતમ શરૂ કર્યો ત્યારે આ જવાંમર્દોનીએ થૂ...થૂ... થૂ... કરી થૂંક ઉડાડયું હતું. અને ગર્જના કરી હતી કે તમારી આ દમનકારી નીતિથી અમે ડરવાના નથી. અને કાન્તિકારીઓ તમારા આ અન્યાયી શાસનને ફગાવી દીધા પછી જ જંપ વાળીને બેસશું. તમારે જેટલો જૂલ્મ કરવો હોય તે કરી લેજો એક પણ આંદોલનકારી પીછેહઠ નહીં કરે. કરોડો ભારતીઓ ખપી જશે પણ તમને હાંકી કાઢ્યા વગર મેદાન નહિ છોડે’’

આ નીડર, બહાદુર અને સ્પષ્ટ વકા એવી કનકલતા બરૂઆનો જન્મ ૨૬મી મે–૧૯૨૬માં આસામના બરંગાવાડી નામના ગામમાં થયો હતો. ૮મી આગસ્ટ ૧૯૪૨માં ભારતીય કોંગ્રેસે પસાર કરેલ ‘હિન્દ છોડો’ પ્રસ્તાવે આખા દેશમાં હલચલ મચાવી દીધી હતી. અને લોકોમાં ‘કરેંગે યા મરેંગે’ના સૂત્ર સાથે એક જબરજસ્ત લોકજુવાળ ઊભો કર્યો હતો. આ સમયે કનકલતા ૧૬ વર્ષની યુવતી આઝાદી માટે તે પોતાના પ્રાણની બાજી લગાવી દેશે.

૨૦મી સપ્ટેમ્બર ૧૯૪૨ના દિવસે સ્થાનિક કોંગ્રેસે સવારના ૧૦ વાગ્યે ગોપુર થાણામાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવા કૂચ કરી ત્યારે સોળ વર્ષની આ છોકરી કનકલતાએ કૂચની આગેવાની લઈ ‘અંગ્રેજો પાછા જાઓ’ ‘કરેંગે યા મરેંગે’, ‘ઈન્કલાબ ઝિંદાબાદ,’ ‘ભારતમાતા કી જય’ જેવા સૂત્રોના નારા સાથે સરઘસની આગળ હાથમાં ત્રિરંગા સાથે પ્રસ્થાન કર્યુ હતું. તેમની સાથે અમલપ્રભા દાસ નામની નીડર અને બહાદુર મહિલા પણ હાથમાં ઝંડો લઈને આગળ આગળ ચાલી રહી હતી.

અમલપ્રભા આસામની સિંહણ એવી ઉપમાથી ઓળખાતી હતી. અમલપ્રભાનો જન્મ ૧૨મી નવેમ્બર, ૧૯૧૧માં આસામના દિબ્રુગઢ નામના ગામમાં થયો હતો. કનકલતાથી તે ૧૫ વર્ષ મોટાં હતાં. તેથી કનકલતા પોતાની આ સખીને ‘બડી દીદી’ કહીને બોલાવતાં હતાં.

થાણામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતા આ સત્યાગ્રહીઓના લીડર કનકલતા અને અમલપ્રભાદાસ હતા અને તેમની પાછળ યુવક–યુવતીઓનું મોટું ટોળું થાણા તરફ આગળ વધી રહ્યાં હતું. ‘ ઈન્કલાબ ઝિંદાબાદ’, ‘કરેંગે યા મરેંગે’, ‘સ્વરાજ અમારો હક્ક છે’, અંગ્રેજો પાછા જાઓ ? વગેરે સૂત્રોથી વાતાવરણ ગાજી રહ્યાં હતું.

આ પેદલયાત્રા જયારે થાણા નજીક પહોંચી ત્યારે થાણાની બહાર સેંકડો બંદૂકધારી સિપાઈઓ ઊભા હતા. સત્યાગ્રહીઓ સામે બંદૂક તાકીને તેમણે પાછા વળી જવા ગર્જના કરી. સિપાઈઓનું રોદ્રસ્વરૂપ જોઈને સત્યાગ્રહીઓ ભયભીત થવા લાગ્યા ને ઊભા રહી ગયા કે તરત જ કનકલતાએ હાકલ કરીઃ ‘‘જરા પણ ડર રાખ્યા વગર નીડરતાથી આગળ વધો અને ધ્યેય પ્રાપ્ત કરો. આપણે જે કાર્ય આવ્યા છીએ તે પરિપૂર્ણ થયાં પછી જ પાછાં વળવાનું છે. આ સિપાઈઓ કંઈ ઈરથી મોટાં નથી. આપણી સાથે ઈર છે જે આપણાં કાર્યને સફળ બનાવશે. આ સિપાઈઓની માલિકને વફાદાર રહેવું એ તેની નૈતિક ફરજ છે અને આપણે દેશને વફાદાર રહેવું એ આપણી ફરજ છે. માટે તમારા કદમ આગળ વધારો. જરા પણ ગભરાયા વગર થાણા અંદર ઘૂસી જાઓ’’

કનકલતાની હાકલે ટોળું થાણાની અંદર ઘૂસી ગયું. કનકલતાએ કેટલાક સિપાઈઓના હાથમાં રહેલી બંદૂકો ખેંચી લીધી. ટોળાંને કાબૂ લેવા સિપાઈઓએ ગોળીબાર શરૂ કર્યો. તેમાં ઘણા સેનાનીઓ ઘવાયાં એક ગોળી કનકલતાની છાતી વીંધીને આરપાર નીકળી ગઈ. ને એ ઢળી પડી. તેણે મરતાં પહેલાં કહ્યું : ‘‘અંગ્રેજોને ભારતમાંથી હાંકયા વગર જંપશો નહિ. તમે મને વચન આપો કે ગોરાઓની વિદાય પછી જ એ જંપીશું. મારૂં વચન તમારાથી જો ન નીભાવાય તો મારી સમાધિ પર ફૂલો ચઢાવશો નહિં...’’ આટલું બોલતાં જ તેના ખોળિયામાંથી પ્રાણપંખેરૂ ઊડી ગયું.

કનકલતાએ પોતાના જૂથની હજારો મહિલાઓના સાથથી અંગ્રેજોના છક્કા છોડાવ્યા હતાં. આસામમાં આ સંગ્રામને સફળ બનાવવા માટે કનકલતા બરૂઆને અમલ પ્રભાદાસનો ખૂબ સહકાર મળ્યો હતો.



# બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

## ‘પૈસાનો અપચો’

કેટલાક માણસો ખરેખર ચતુર નથી હોતા, પણ ચતુર બનવાની કોશિશ કરે છે. અંતે એવા પ્રયત્નો પછી તેઓ મૂર્ખ જ ઠરે છે.

આપણી આ કથાનો નાયક લીન પણ એવી જ વ્યકિત હતી. તે એક ગામમાં રહેતો હતો. જે રીતે રહેતો હતો, એને કાંઈ જિંદગી ન કહેવાય ! મકાન તો એના નસીબે હોય જ કયાંથી ? તૂટેલું–ફૂટેલું ઝૂપડું જ લીનનું રહેણાંક.નસીબ ફૂટેલું હોય, ત્યાં બૈરી–છોકરાં તો કયાંથી હોય ? બે ટંક ખાવાના યે સાંધા હોય, ત્યાં બિચારો લીન કુટુંબની ઝંઝટમાં કયાંથી પડે ?આટઆટલાં દુઃખ વચ્ચે ય તે ભગવાનને કયારેય ન ભાંડતો ! એ તો એની મસ્તીમાં જ રહેતો ! રોટલો મળે, તો યે ઠીક ને ન મળે, તો યે ઠીક ! ભૂખ્યા પેટે પણ લીન આનંદ જ કરે ! શરીર એકવડિયું, એટલે કાયાને ભાર તો વેંઢારવાનો જ નહિ. ફેરકૂદરડીની જેમ ચોમેર ફર્યે રાખે. ફકીર જેવું જીવન, એટલે ફિકરની ફાકી કરીને મોજમજા કરે.

કામ શોધવા માટે નીકળે, પણ ક્યાંય કામ ન મળે! એને જોઈને જ સે હસી પડે ને બોલે : ‘ જા, જા, તારાથી તે કામ થાય ?’ લીન પાછા પગલે વળે. કામ ન મળવા બદલ પણ ઈરનો આભાર માને. બબડે :‘હશે ! જેવી તારી મરજી !’– પણ એને કયારેય કોઈ જાતની ફરિયાદ નહિ–ભગવાન સામે નહિ ને માણસો સામે ય નહિ. ગામના માણસો એની ઠેકડી ઉડાડે, પણ દયાળુ ખરા. ખાવાટાણે બટકુક રોટલો આપે. લીન ખાઈને, બેફિકર બનીને લંબાવે પોતાની ઝૂંપડીમાં. ઝૂંપડી યે કેવી ? લીન પગ લંબાવે, તો પગ ઉંબરા બહાર નીકળે ! બારણું વાસવાની યે શી જરૂર ? ઘરના ચારેય ખૂણે ખુદા હડિયાપાટી કરે. ઘરમાં કોઈ ચીજવસ્તુ હોય, તો ઊપડી જવાની ફિકર રહે ને ?આ લીન એવો કે એને ભરપેટે ઊંઘ આવે ને ખાલી પેટે પણ ઊંઘ આવી જાય !

આવો નફિકરો લીન !

– પણ એક વાર એને ભારે ચિંતા થઈ. વાત જાણે એમ બની કે એક દિવસ લીન એની ધૂનમાં રસ્તા પર ચાલ્યો જતો હતો. રસ્તા પર ચકલું યે ફરકતું નહોતું. ધોમ ધખતો હતો, એટલે પગ દાઝતા હતા, પણ એની લીનને કયાં પડી હતી ? ચાલતાં–ચાલતાં લીનના પગ એકાએક થંભી ગયા. પહેલા તો એને પોતાની આંખો પર વિાસ ન બેઠો. એટલે તો એ થોડીવાર સુધી એમ ને એમ ઊભો રહ્યો. પછી થોડોક આગળ વધ્રયો ને રસ્તા પર પડેલી નોટ ઉઠાવી. એણે એ નોટ ધારીધારીને જોઈ.થોડું ઘણું ભણેલો હતો, એટલે એટલું તો એ જાણી શક્યો કે તે નોટ દસની હતી ! જો કે આજ સુધી એણે દસની નોટ કયારેય જોઈ જ નહોતી. એવું નસીબ જ ન હોતું એનું.

હાથમાં દસની નોટ હતી ને હાથ ધ્રૂજતો હતો. એણે આસપાસ નજર કરી, પણ માર્ગ પર કોઈ નહોતું. કોઈએ એને જોયો નથી,

## સંસ્કાર ગાથા




એવું જાણીને તે ખૂબ જ ખુશ થયો. થોડીવારમાં જ એની એ ખુશી ગાયબ બની ગઈ. દસ રૂપિયાની નોટ, એટલે એને મન તો ખજાનો, એ વિચારવા લાગ્યો : ‘આ ખજાનાને રાખીશ કયાં ? કોઈ એવી જગ્યા તો હોવી જોઈએ, જેના પર કોઈની નજર ન પડે. જો નજર પડે, શંકા જાય તો એને કોઈ ચોરી જાય ! ખરેખર મૂંજાણ લીન. વિચારી–વિચારીને એનું લમણું દુઃખવા આવ્યું. તે ઝૂપડીમાં પાછો આવી ગયો હતો, પણ તેમાં તો એકે ય એવી જગ્યા નહોતી, જયાં તે પોતાના અણમોલ ખજાનાને સંતાડી શકે !ખૂબ વિચાર કર્યા પછી લીનને નોટ સંતાડવાનો ઉપાય મળી ગયો : ‘ આ ઝૂંપડીની દીવાલમાં બાંકોરૂં કરીને, તેમાં નોટ રાખીને, ફરીથી દીવાલ છાંદી દઉં, તો ?’એક તો લીન સાવ હતો ભોળોભટ્ટ ને એમાં ચતુરાઈ કરવા ગયો ! તેને થયું કે તેની એ યોજના બરાબર છે કારણ કે કોઈને એવો વિચાર પણ નહિ આવે કે ભીંતમાં નોટને સંતાડી છે ! એથી એનો ખજાનો સચવાઈ રહેશે !

પહેલા તો એણે ઝૂંપડીનું બારણું વર્ષો પછી બંધ કર્યુ ! પછી તે ભીંત ખોદવા લાગ્યો. આનંદ અને ભય, બંનેને કારણે તે ધ્રૂજતો હતો. કેટલીયે વારે કામ બંધ કરીને એણે બહાર નજર કરી લીધી. મનમાં બસ, આવા જ સવાલો ઉઠતા હતા :‘કોઈ જોતું તો નથી ને ? કોઈ સાંભળતું તો નથી કે તે રૂપિયા સંતાડી રહ્યો છે !’

જયારે કાચી દીવાલમાં નાનકડો ખાડો થયો, એટલે લીને તેમાં દસ રૂપિયાની નોટ ઠૂંસી દીધી ! પછી ઉપર માટી લગાડીને બાંકોરૂં બૂરી દીધું ! એના પર ગાર–ગોરમટી લીંપી દીધી.લીન હવે ઝૂંપડીની બહાર આવીને બેઠો. તે પહેરો ભરતો હતો, જેથી કોઈ ઝૂંપડીમાં ન આવે ને એના ખજાનાની માહિતી ન મેળવે ! તે વિચારતો હતો કે જો કોઈ અંદર આવશે, તો એને પૂછશે :‘લીન, આ ભીંત ભીનીભીની કાં છે ?’ પછી તે મનોમન નક્કી કરશે : ‘હં, દાળમાં કાંઈક કાળું છે ! કોઈ કિંમતી ચીજ સંતાડી લાગે છે !’તે હજી યે વિચારતો હતો :‘પછી મારી ગેરહાજરીમાં તે માણસ મારો ખજાનો લૂંટી લેશે !’

બસ, આ વિચાર આવતાં જ એના અંતરમાંથી ‘હાયકારો’ નીકળી ગયો. તેથી તો લીન જયાં સુધી ભીંતની ભીનાશ ન સુકાઈ, ત્યાં સુધી બહાર જ બેઠો રહ્યો.

એટલું કર્યા પછી પણ એના મનને શાંતિ ન મળી. તેની યોજના ખામી ભરેલી છે, એવું એને સતત–સતત લાગ્યું. તે વળી વિચારવા લાગ્યો :‘ધારો કે ચોર મારા દસ રૂપિયા ચોરવા માટે અંદર આવે, તો કયાં ગોતે ? ભીંત સિવાય બીજી કોઈ જગ્યા જ કયાં છે, જયાં તે શોધખોળ કરે ? ચોખ્ખી જ વાત છે કે તે ચોર ભીંત જ ખોદે !’આ વિચાર આવતાં જ બસ, એને પરસેવો છૂટી ગયો ! હવે તે શું કરે ? ખૂબ વિચારો કર્યા. લમણું ફાટી જાય, એટલું ભેજું લડાવ્યું.છેવટે એના થાકેલા મગજમાં એક વિચાર ઝબકયો. તે પોતાની અદ્ભુત ચતુરાઈ પર ખુશ થઈ ઉઠયો. દોડતો તે પડોશીના ઘેર ગયો. એને ત્યાંથી રંગ અને પીંછી લઈ આવ્યો. જે જગ્યાએ એણે રૂપિયા દાટયા હતા, તે જગ્યા પર એણે મોટા–મોટા અક્ષરે લખ્યું :‘અહીં કોઈ ખજાનો નથી !’બસ, બીજી મૂર્ખાઈ કરીને એને પૂરો સંતોષ થયો !એ જ ગામમાં એને ટક્કર મારે તેવો બીજો મૂર્ખ રહેતો હતો. નામ એનું વાન.એક મૂર્ખ બીજા મૂર્ખને મળવા આવ્યો. વાન જયારે લીનને મળવા આવ્યો, ત્યારે લીન ઝૂંપડીમાં નહોતો. વાને ઝૂંપડીમાં ડોકિયું કર્યુ, તો અચાનક એની નજર ભીંત પર પડી. એણે ભીંત પર લખેલા શબ્દો વાંચ્યા :

‘અહીં કોઈ ખજાનો નથી !’એ શબ્દો વાંચીને વાન તો હેરાન–પરેશાન થઈ ગયો ! વિચારવા લાગ્યો : ‘ભલા, લીને આવી મૂંખાઈભરી વાત કેમ લખી હશે ? એની પાસે તો કાણું કાવડિયું યે નથી, પછી ખજાનો ક્યાંથી હાથ લાગ્યો કે ભીંતમાં છુપાવે ? ખજાનો ન હોય, તો આવું લખે શા માટે ? નક્કી કાંઈક છે ખરૂ !’આવો વિચાર આવતાં જ વાને ભીંત ખોદી કાઢી ને એમાંથી દસ રૂપિયાની નોટ ખેંચી લીધી.

તે પણ લીન જેવો જ કડકો હતો. એણે પણ કયારેય દસ રૂપિયા જેવડી મોટી રકમ જોઈ નહોતી. એને પણ એ ખજાનાનો અપચો થયો. તેણે એ રકમ ખર્ચી નાખવાનો વિચાર કર્યો, પણ મનમાં બેઠેલો ચોર વાનને ચેતવવા લાગ્યો : ‘ધારો કે કોઈને ખબર પડી જાય કે રૂપિયા મેં ચોર્યા છે, તો શું થાય ? થાણેદાર મને ઢસડીને થાણે લઈ જાય ને ઢીબીઢીબીને અધમૂવો કરી નાખે, પછી મારે ગુનો કબૂલવો જ પડે ને ?વાને ચોરી તો કરી, પણ હવે ખરેખરનો મૂંઝાણો. પોતાની ઝૂંપડીમાં યે એને શાંતિ ન મળી !અચાનક એને એક વિચાર આવ્યો ને એના મોં પર ખુશી પથરાઈ ગઈ.

તે પણ લીનની જેમ જ પડોસીને ત્યાંથી રંગ અને પીંછી લઈ આવ્યો. એણે પોતાની ઝૂંપડીના બારણા પર મોટા મોટા અક્ષરોમાં આટલા શબ્દો લખ્યા : ‘હું એક ઈમાનદાર માણસ છું. મેં લીનની દીવાલમાંથી રૂપિયા નથી ચોર્યા !’ભાઈઓ ! પૈસો તે જેને પચતો હોય તેને જ પચે ! બાકીનાને તો પૈસાનો અપચો જ થાય !

## આદેશાત્મક ચિહનો




બધી જ પ્રકારના યાંત્રિક વાહનો માટે પ્રતિબંધ (All Motor Vehicles Prohibited) : આ ચિહન સદર માર્ગ પર કોઈપણ પ્રકારનાં યાંત્રિક વાહનો લઈ જવા પર પ્રતિબંધનો આદેશ કરે છે. આવા પ્રકારના ચિહનો અતિશય ભીડ–ભાડવાળા વિસ્તારોમાં

### સલામત માર્ગ

રાહદારીઓની સુરક્ષા વધારવા અને ટ્રાફિક જામની પરિસ્થિતિને ટાળવા માટે વાપરવામાં આવે છે. ધ્યાનથી જોતાં આ ચિત્રમાં માત્ર બે પૈડાંવાળ વાહન અને ચાર પૈડાંવાળું વાહન દોરી તેની ઉપર લાલ રંગનો પટ્ટો મારેલ છે.

## જ્ઞાન ઝરણાં



સ્કંધ બીજો

૧. જીવનને એવું બનાવી લો કે મૃત્યુના સમયે ભગવાનની યાદ રહે.
૨. પાપને ટાળો, પુણ્ય કર્મને તરત કરો.
૩. જન્મોજન્મના સંચિત સંસ્કારોથી પાપની પ્રેરણા થાય છે.
૪. મનને એકાગ્ર કરવા એકાંતમાં રહેવાની જરૂર છે. એકાંતમાં ઈશ્વર ભજન કરો.
૫. જેનું મરણ સમીપ આવ્યું હોય તે ઘર છોડી દે.
૬. યોગને જો ભકિતનો સાથ ન હોય, તો તે યોગી રોગી બને છે.
૭. નિર્ગુણમાં નિષ્ઠા ન થાય ત્યાં સુધી મનના રાગદ્વેષ જશે નહીં.
૮. ધ્યાનમાં મન શુધ્ધ નહીં હોવાથી આનંદ આવતો નથી.
૯. જગત બ્રહ્મરૂપ છે એમ નહીં માનો ત્યાં સુધી રાગદ્વેષ જશે નહીં.
૧૦. કોઈનું અપમાન ન કરો.

## વૃક્ષો આપણા સંગાથી

વૃક્ષો જ આપણા જન્મથી મૃત્યુ સુધીના સંગાથી છે. તેઓ સાથ છોડતા નથી. આવા દેવ સમાન વૃક્ષોનું આપણે જતન કરવું જોઈએ. તેનો મહિમા સમજાવો આપણી ફરજ છે. તેની વસ્તી વધારતા રહેવી જોઈએ. આપણી વધતી વસ્તીના કારણે વૃક્ષોની હસ્તી પર જોખમ વધ્યું છે તેથી આપણી વસ્તીનું નિયંત્રણ થવું જોઈએ, વૃક્ષોનો વિનાશ અટકાવવો જોઈએ. તેમાં જ આપણા સુખ અને સમૃધ્ધિ રહેલા છે. પર્યાવરણ અને પૃથ્વીના સંરક્ષણ જાળવણી માટે વૃક્ષોનું જતન ખૂબ જરૂરી છે. આ જાગૃતિ માટે ૫ જૂન ‘વિ પર્યાવરણ દિવસ’ તરીકે આજવાય છે. ૨૨ એપ્રિલ, ‘પૃથ્વી દિવસ’ તરીકે ઉજવાય છે. આ દિવસે પર્યાવરણ સાચવણી અને વૃક્ષારોપણ માટે જાગૃતિ લાવવામાં આવે છે.

## ૨૧-જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ શા માટે

સમગ્ર વિમાં સને ૨૦૧૫ થી ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો. આ યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ કઈ રીતે થયો તે અંગેની રસપ્રદ વિગતો જાણીએ. આપણા ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૪ રોજ સંયુકત રાષ્ટ્રસંઘની મહાસભાના ૬૯મા સત્રના સંબોધનમાં યોગનો મહિમા વર્ણવી વિ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા આહ્વાન કરતા જણાવ્યું હતું કે, ‘‘યોગ પ્રાચીન ભારતીય પરંપરા તથા સંસ્કૃતિની અણમોલ ભેટ છે. યોગ અભ્યાસ શરીર અને મન,વિચાર અને કર્મ, આત્મસંયમ અને પૂર્ણતાની એકાત્મકતા અને માનવ તથા પ્રકૃતિ વચ્ચે સામંજસ્ય સ્થાપે છે. યોગ સ્વસ્થ્ય અને કલ્યાણનો પૂર્ણતાવાદી દષ્ટિકોણ છે. યોગ માત્ર વ્યાયામ નથી, પરંતુ પોતાની જાત સાથે, વિ અને પ્રકૃતિની સાથે એકત્વ શોધવાનો માર્ગ છે. યોગ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને આપણામાં જાગૃતતા પેદા કરે છે. અને પ્રાકૃતિક પરિવર્તનોથી શરીરમાં થનાર બદલાવોને સહન કરવામાં સહાયક બની શકે છે.આવો આપણે બધાં સાથે મળીને યોગને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપે સ્વીકાર કરવાની દિશામાં કાર્ય કરીએ.





બાલમિત્રો,

ઉનાળાની ગરમીથી તો આપણે સૌ તોબા પોકારી ગયાં છીએ, હવે તો બધાનાં મોમાં એક જ વાત છે.‘ ‘ કયારે વરસાદ આવે’’ ખરૂંને બાલમિત્રો, પણ તમે તો ભૂગોળમાં ભણી ગયાં છો કે જો જેટલો આકારો તાપ પડે એટલા પ્રમાણમાં સમુદ્રમાંથી વરાળ બને ને વાદળા બંધાય. એ વાદળો વરસી પડે પણ એની એવા સમયે હવે વરસાદ સુકડો છે. સમય પાકી ગયો છે. કદાચ આઠ–દસ દિવસમાં વરસાદ આપવો જોઈએ..

તમે એ પણ જાણો છો કે વરસાદની મસમમાં ચારેબાજુ એક જ વાત થાય છે કે વૃક્ષો વાવો – તમે પણ તમારા ઘરમાં છોડ વાવતા હશો. નિશાળમાં બગીચાઓ રોડ ઉપર વૃક્ષારોપણ થાય છે. તમારામાંથી કોઈ એવો બાળકો છે કે જેમણે વૃક્ષ વાવ્યું હોય ને પછી એનું જતન કરી ઉછેયું હોય ? જો હા, તો તમારા નામ સંપાદકશ્રી રવજીભાઈ કાછા સાહેબને મોકલી આપજો.તમારા નામ છાપીશું.

વૃક્ષો વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. વૃક્ષો જીવન છે, મિત્રો છે, સાચા સંતો છે. ઓકસીઝનથી ફેકટરી છે. વિગેરે, તો બાળમિત્રો, વરસાદ પડે ત્યારે કોઈને પુછયા વિના એક વૃક્ષ વાવજો જ... વાવશો ને....? – બાળમિત્રો...

## આયુર્વેદ જ્ઞાન ઝરણા

-ડો. ભાવેશભાઈ મહેતા
સરકારી આયુર્વેદ દવાખાનું

- સંપાદક :
પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ
( કાચા સાહેબ )

વાંચક મિત્રો,

આપણા અમરેલીના જાણીતા અને અમરેલીના લોકલાડીલા સરકારી આયુર્વેદ દવાખાનાના મુખ્ય ડો. ભાવેશભાઈ મહેતા સાહેબએ આપણા માટે એવા સરલ આસનો અને યોગાસનો બતાવ્યા છે કે જે રોજ કરવાથી આપણા શરીરની ચરબી–મેદકવીતા ઘટી શકે છે. તો આ આસનો રોજ કરશો...







# વાહ નસીબ

## બકોર પટેલની કહાણીઓ

હરિપ્રસાદ વ્યાસ

પટેલે ખડખડાટ હસી પડતાં કહ્યું : ''ગાડરખાં, હમણાં મારે પણ તેમજ ચાલે છે. જે વેપારમાં પડું, તેમાં ધાર્યા કરતાં બમણો નફો આવી ઊભો રહે છે. તમારી પ્રમાણિકતા માટે હું ખુશી થાઉં છું, પણ આ રૂપિયા પાછા લઈ જાઓ.''ગાડરખાંએ મોં પર અણગમાનો ભાવ લાવી કહ્યું : '' પટેલ સાહેબ, મને પાપમાં ન નાંખો. ગમે તેમ પણ મેં તમારા નામે વેપાર કર્યો ને તમારા નામે કમાયો, એટલે આ પૈસા પર હક તમારો જ.''

પટેલ કંઈ જવાબ આપે તે પહેલાં તો રૂપિયાનું પરબીડિયું મૂકી ગાડરખાં સલામ કરી સડસડાટ ચાલ્યા ગયા.પટેલ મનમાં ફુલાઈ ગયા ! પટલાણી ઘરમાં મળે નહિ, એટલે આ આનંદની વાત કરે પણ કોની આગળ ? એમણે રાતના વિચાર કર્યો : 'વાહ, આ કેવી મઝા ? વગર વેપારે નફો ! પણ આ પૈસા ઘરમાં રાખવા નથી. પુસ્તકાલય માટે કબાટ ખરીદવામાં વાપરીશ. ગાડરખાંના આવેલા સો ને બીજા મારા ઉમેરીશ. મિત્રો રાજી થશે ને મારૂં નામ રહેશે.'તે રાતના એમને ઘસઘસાટ ઊંઘ આવી.

બીજા ચારેક દિવસ વીત્યા, કે પાછા ગાડરખાં પટેલની પેઢી પર જઈ પહોંચ્યા. પટેલે હસીને આવકાર આપ્યો ને પૂછયું : ''કેમ, શી નવાજૂની છે ?''ગાડરખાંએ ઠાવકું મોં કરી કહ્યું : ''પટેલ–સાહેબ, તમારા નસીબની વાત શી કરૂં ? ફરી તમારા નામથી મેં ઘીના પચાસ ડબ્બાનો સોદો કર્યો હતો. એક જ દિવસમાં ડબ્બે પાછા બે રૂપિયા વધી ગયા. લો, આ તમારા સો રૂપિયા.'' પટેલની તો ખુશાલીનો પાર નહિ ! એમણે રૂપિયા ગણી જોયા. પૂરા સો હતાં. ખુરસી પરથી ઊભા થઈ ગાડરખાંનો ખભો થાબડયો ને કહ્યું : ' 'શાબાશ, ગાડરખાં ! તમે બહુ ચતુર વેપારી છો, હોં ! વેપાર કરવાની આવી સરસ કુનેહ કોઈકમાં જ હોય !'' ગાડરખાંએ કહ્યું : ''કુનેહની વાત તો ઠીક, પણ જોર કરે છે તમારૂં નસીબ ! બાકી આવો નફો શાનો મળે ?''પટેલે એમને બેસવા આગ્રહ કર્યો, પણ ગાડરખાંએ સલામ કરી ચાલવા માંડયું.પટેલ આજે પેઢી પરથી ઘેર આવવા નીકળ્યા; કારણકે પટલાણી સાંજની ગાડીમાં આવવાનાં હતાં. બંગલે પહોંચ્યા ત્યાં સુધી એમના મનમાં તો મફતિયા બસો રૂપિયા મળ ી ગયા તેના જ વિચાર ચાલ્યા કરતા હતા. બંગલામાં પેસતાં જ ધીમેથી બોલ્યા : ''વાહ, આનું નામ તે નસીબ !''બંગલાનો દરવાજો ખુલ્લો જોતાં પટેલ વિચારમાં પડયાં. દીવાનખાનામાં દાખલ થતાં એમણે જોયું કે પટલાણી બિસ્તરો, પેટીઓ ગોઠવી રહ્યાં હતાં. પટેલને જોતાં જ પટલાણી જરા ગુસ્સો કરતાં બોલ્યા : ''તમને કાગળ લખ્યો હતો, પણ સ્ટેશન પર કોઈ માણસ જ ન મોકલ્યો ! તમારા પણ ઠેકાણા નહિ ! સારૂ થયું કે વાઘજીભાઈને ત્યાંથી ચાવી મળી આવી.''

# ટાબરીયાનું જંગ : હાર કે જીત

પછી ટેકરીઓ શરૂ થઈ. એકલદોકલ પગરખાનાં નિશાનને આધારે ચાલતાં રહ્યાં. એક ઊંચી ટેકરી પર ચઢવાનું પસંદ કર્યુ. ચઢાણ કપરૂં હતું. ટાબરિયાંઓએ પોરો ખાતાં ખાતાં ચઢવાનું નક્કી કર્યુ. એક બે જગ્યાએ તાપણાં જેવું જોયું. પણ રાખ ઘણાં સમયથી ઠરી ગઈ હોય એવું જણાતાં તેઓ નિરાશ થયાં. હીરોની ઊંઘમાં ખલેલ ન પહોંચે એ ધ્યાન રાખવું પડે એમ હતું. આગળ વધતાં ટેકરીની ભેખડ પર કોતરીને બનાવેલી ગુફા દેખાઈ.

વિ સંકેત કર્યો પછી જ ઝાડીમાં છૂપાયેલાં દિશા ધરા નીકળીને ગુફામાં ઘુસ્યાં. ખરેખર એ ઊંડી મોટા કદની બખોલ જેવી હતી. સે વાંકા વળીને અંદર ઘુસ્યાં. કોઈનાં કણસવાનો અવાજ સંભળ ાયો. બાળકો સાવધ થઈ ગયાં. વિ દિશાએ ભોંય સરસા થઈને આગળ જવાનું નક્કી કર્યુ. ધરા હીરો સાથે એ જગ્યાએ થોભીને બહારની તરફ દેખરેખ રાખશે એમ નક્કી કર્યુ. સાથે ગિલોલ અને ધારિયું રાખ્યાં.

અંદર અંધારામાં કોઈ કણસી રહ્યું હતું. તેની સાથે કોઈ નહોતું એવું વિને લાગ્યું. બંને વાંકા વળીને દોડીને તેની પાસે પહોંચ્યા. ટોર્ચનાં અજવાળામાં વધેલી દાઢીવાળાં લઘરવઘર વેશમાં અંકલને તેમણે ઓળખી લીધાં. બાઝી પડયાં.પીઠ પાછળ હાથ રાખીને કચકચાવીને બાંધેલું દોરડું વિ બળપૂર્વક છરા વડે કાપી નાખ્યું.''ક...ક...કોણ ? વિશુ દીકા! તમે અહીં ? ગઝ્ઝબ કર્યો તમે !'' અંકલની આંખોમાં હરખનાં આંસુ ધસી આવ્યાં, ''ઓહો ! મારી બ્રેવ ગર્લ દિશા પણ છે ! ને ધરા હીરો કયાં ?''દિશાએ જકડીને બાંધેલાં તેમના બંને પગનો છૂટકારો કર્યો. મોં પર પાણી ભરેલી બોટલ ધરી. એક આંબળ ું મોંમાં મૂકી આપ્યું.''ધરાદીદી હીરો સાથે અહીં નજીકમાં ગુફા આગળ દેખરેખ રાખવાં ઊભી છે. હું મોકલું તમારી પાસે.'' વિશુ હરખાઈને બોલ્યો.''અરે ! ચાલો અંકલ ! આપણે બધાં ભાગી જઈએ.'' દિશાએ નાયકને હાથ ખેંચી ઊભા કરવાનો પ્રયત્ન કર્યો.''બેટા ! ભાગી ભાગીને કયાં જઈશું ? આ ભૂલભૂલૈયાની દુનિયા છે. આ જંગલ બહારથી આવી પડેલા સૌને ઘુસણખોર શત્રુઓ સમજે છે. વનસંરક્ષકને પણ ભક્ષક માની લે છે. ગણ્યાગાંઠયા રાષ્ટ્રદ્રોહીઓએ જંગલને મલિન બનાવી દીધું છે. વળ ી જંગલી પ્રાણીનો સ્વભાવને તાકાત ધરાવનારાંઓ સામે સામી છાતીએ લડવું અશકય છે.

આપણે પણ આ લોકો સામે ગેરીલા પદ્ધતિથી લડી લઈએ. છૂપાઈને ઘા કરી લઈએ. ધરાને બોલાવી લો. અહીંયાં જ છૂપાઈ જાઓ.''વિ સાથે ધરા દોડતી આવી. હીરોને ને ધરાને બાથમાં લઈ પપ્પા હરખથી રડવા લાગ્યા. ''

પપ્પા ! આ જંગલ આપણને ખાઈ જશે. આપણે નથી રહેવું અહીં. ચાલો આપણા શહેરમાં.'' ધરા આક્રંદ કરવા લાગી.

''દીકરી ! ભૂંડું જંગલ નથી. ભૂંડાપણુ અહીંનાં જાનવરોમાં છે. માણસરૂપી જાનવર જયાં જયાં ઘુસે છે ત્યાં ત્યાં ક્રૂરતા ફેલાય છે, માનવતા પીંખાય છે, ભોળપણ ભરખાય છે. જો નકસલવાદનો નાશ થાય તો ભારતભૂમિ હરિયાળ ી થઈ જાય. ચાલો ! કોઈ પણ ક્ષણે શત્રુઓ આવી ચડશે. તેઓ પાસે હથિયાર પણ હશે. પણ ઓચિંતો હુમલો કરીને છક્કડ ખવડાવી દઈએ, ભોંય ચાટતા કરી દઈએ.''

આ સઘળી વાતચીત દરમિયાન દિશા બબ્બે આમળાં અંકલનાં મોંમાં મૂકી રહી હતી.. નાયકનાં શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ હતી.તેઓ ગુફાની પાછળ ગયાં. માંડ ભોંય સરસા થઈને જવાય એવી જગ્યા હતી. જેવો એ ભાગ ઓળંગ્યો કે અજવાળું જ અજવાળ ું ! ત્યાંથી એકાદ કિલોમીટર દૂર એક ગામ દેખાતું હતું. ટાબરિયાંઓએ કૂદાકૂદ કરી મૂકી. પણ નાયકે હકીકત બતાવી. આપણે અહીંથી ભાગી નીકળીશું તો એ પાંચ સાત નકસલીઓનાં એક ઈશારે સૌ આદિવાસીઓ આપણાં લોહી તરસ્યાં થઈ જશે.' 'ના, અહીંથી ભાગવામાં આ લોકો જ આપણને નડશે.''બાળકો હતાશ થઈને બેસી પડયાં.ગામ ઓળંગીને કોઈ પણ ચોકી પસાર કરી શકે એ શકય નહોતું. પડકારો મોટો હતો. તેમણે માત્ર પાંચ સાત નકસલીઓનો નહીં પરંતુ એ દેશદ્રોહીઓને ટેકો આપનાર સૌનો સામનો કરવો પડે એમ હતું. નાયકે આ બધું બાળકોને સમજાવી દીધું.''તો ચાલો, કરીએ તૈયારી. જંગ જીતવાની તૈયારી !'' વિ બોલ્યો.સૌએ હાથ પર હાથ મૂકીને એકમેકને સમર્થન આપ્યું.

''જય હો !'' જયનાદ ગુફામાં ગુંજયો. **(ક્રમશઃ)**

બાલ એક્સપ્રેસ

પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ શ્રી દિપક હાઈસ્કુલ શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી મો.૯૪૨૮૧ ૫૪૦૭૨

# ચિત્રમાં રંગ પુરો



# જાગતે રહો

જાગૃતિ એક લાક્ષણિકતા છે, જીવન પ્રત્યેની પરિપૂર્ણ સભાનતામાંથી એ પ્રગટે છે. જેઓ જવાબદારીને સારી રીતે સમજે છે અને નિભાવવાની તૈયારી રાખે છે, એમનામાં જાગૃતિ આવે છે, જણાવવામાં આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જિંદગીનું જહાજ પણ એવી જ જોખમ ભરેલી સફરમાં આગળ વધતું હોય છે. સંસ્થાઓના વડાઓ, કુટુંબના મોભીઓ અને સમાજના પહેરેદારોએ જાગૃત રહેવું

## જ્ઞાનજયોતિ

શ્રી ગિજુભાઈ ભરાડ

જાગૃત વ્યકિત પોતાની ફરજો અને કાર્ય પ્રત્યે અત્યંત સજાગ હોય છે. એકાદ આવા જાગૃત વ્યકિતને કારણે આખો કાફલો પાર ઉતરી જાય છે. ટાઈટેનિકની દુર્ઘટના જાગૃતિના અભાવની ઘટના છે અને જયારે સામે તરતી હિમશીલા તરફ ખલાસીઓનું ધ્યાન જાય છે અને કેપ્ટનને જરૂરી છે, જેમની પાસે કેપ્ટનશિપ છે તેઓ જો જાગૃત ન રહે તો બીજા અનેક લોકો તેમણે આચરેલા દુર્લક્ષનો ભોગ બને છે. જેઓ તમારા આશ્રયે કે તમને આધીન છે તેમને માટે પણ જાગૃત રહેવું અનિવાર્ય છે. એક સામાન્ય જાગૃતિ તમને સો સંકટમાંથી ઉગારી લે છે.

# તેજસ્વિતાને બુધ્ધિપ્રતિભા

હવે ડ્રયુએટ દંપતીને માન્ચેસ્ટર છોડીને ઓસ્ટ્રેલીયા રહેવા જવાનું થયું. આથી તેમણે લંડનમાં એક ઘર ભાડે રાખીને પોતાની વૃધ્ધ

## શ્રી અરવિંદ જીવનધારા

ગુજરાત સાહિત્ય અકાદમી લેખકશ્રી : જયોતિબહેન થાનકી

માતા સાથે આ ત્રણેય ભાઈઓની રહેવાની વ્યવસ્થા કરી. તેમજ ત્રણેયને લંડનની સ્કૂલમાં દાખલ કર્યા. શ્રી અરવિંદ તો અત્યાર સુધી કોઈ જ સ્કૂલમાં ગયા ન હતા. એટલે એમને સ્કૂલની પ્રવેશ પરીક્ષા આપવી પડી. ઈ.સ. ૧૮૮૪ના સપ્ટેમ્બરમાં મિ. ડ્રયુએટ જાતે શ્રી અરવિંદને સેન્ટ પોલની સ્કૂલમાં દાખલ કરાવવા લઈ ગયા. સ્કૂલના પ્રિન્સિપાલ ડો. વોકરે પ્રવેશ પરિક્ષાના ગુણાંકો જોયા. ભલે શ્રી અરવિંદે સ્કૂલમાં અભ્યાસ નહોતો કર્યો, પણ ઘરે રહીને એટલો બધો અભ્યાસ કર્યો હતો કે સામાન્ય વિદ્યાર્થીઓ કરતાં તેઓ ઘણા આગળ હતા. પ્રિન્સિપાલ ડો. વોકર ઘણા જ અનુભવી હતા. તેમણે બાર વર્ષના આ કિશોરની તેજસ્વિતા અને બુધ્ધિપ્રતિભાને પારખી લીધી. એમણે કહ્યું : ''પરીક્ષામાં બીજા બધા વિષયોમાં તમે ઘણા આગળ છો. ફકત ગ્રીક ભાષા તમારી નબળી છે. પણ કંઈ વાંધો નહીં, એ હું તમને પાકી કરાવી દઈશ.'' આમ સેન્ટ પોલ સ્કૂલમાં શ્રી અરવિંદને પ્રવેશ તો મળ ી ગયો, એટલું જ નહીં પણ ડો. વોકર જેવા વિદ્વાનનું ગ્રીક ભાષા માટે માર્ગદર્શન પણ મળ્યું અને સ્કૂલમાં તેમની સાહિત્યિક શકિતઓને વિકસવાની તક પણ મળી.

# લાલચમાં ના લપટાવ

દરેક પ્રકારની લાલચથી દૂર રહો. લલચાવનારી ભૂમિમાં ડગ ના ભરો, કારણ કે ડગ ભર્યા તો તમે બિનજરૂરી વસ્તુઓ ખરીદશો અથવા નિસાસો નાંખશો કે ''અરેરે, આ મારી પાસે નથી.

## માનસિક શાંતિનાં સચોટ ઉપાયો

લેખક શ્રી એન.અનંથનારાયનન્

પછી લાલચનો સામનો કરવા ઝઝૂમવું પડશે. લાલચમાં ફસાશો તો તમારી ઈચ્છા પર બિનજરૂરી બોજો વધી જશે. તમે લાલચનો સામનો કરવામાં નિષ્ફળ થશો તોયે તમારા મનમાં લાલસા રહી જશે. યાદ રાખો કે **''લાલસા બેચેની અને અશાંતિ પેદા કરે છે.''**

**જરૂરિયાત ઘટાડો**

તમારી જરૂરિયાતો વધારીને ભિખારી જેવી લાગણી ના અનુભવો. બલકે તમારી જરૂરિયાતો ઘટાડીને રાજા જેવી લાગણી અનુભવો. ઘેર તમારી પાસે પૂરતા કપડાં હોવા છતાં પણ તમારે શા માટે કાપડની દુકાનમાં પ્રવેશી ભાતભાતનાં કાપડ નીરખી જીવ બાળવો જોઈએ ? આમ કરવાથી કાં આહ ! હું આ ખરીદી શકું તો !''

માનસિક શાંતિ અને ભૌતિક ચીજોનો લોભ એક બીજાના કટ્ટર વિરોધી છે. બંને કદી સાથે રહી શકે નહીં. માટે તમારે બંનેમાંથી એકની પસંદગી કરી લેવી પડશે.

તમારી બહારની પ્રવૃત્તિઓ સાથે સુસંગત રહે એ રીતે તમારે તમારી જરૂરિયાતો બને તેટલી ઘટાડી નાખવી જોઈએ. જેટલી જરૂરિયાતો અને મિલકતો ઓછી તેટલી વધારે શાંતિ. માલમિલ્કત દુઃખ આપે છે. આ મુદ્દો એટલો સ્પષ્ટ છે કે વધારે સમજૂતીની જરૂર દેખાતી નથી. મોટરના માલીક બનવા કરતાં ટેક્ષી ભાડે લેવી સારી. પોતાનું ઘર વસાવવા કરતાં ભાડાના મકાનમાં રહેવું સારૂ.

# બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક જી.બી.મકવાણા દિગ્વિજયસિંહ ચુડાસમા વાલજીભાઈ રાઠોડ

૧. તમે તમારાં બાળકોને માયકાંગલાં ન બનાવતાં, પણ ટાઢ –તાપ–ભૂખ–તરસ વેઠી શકે એવાં બનાવજો. તેમને બરાબર ખવડાવજો, પણ કામ કરાવતી વખતે દયા ન ખાતાં. તમારા બાળકોને મિલકતના વારસ નહીં, સદ્ગુણના વારસ બનાવજો. – રવિશંકર મહારાજ

૨. બાળકોના ગુન્હાઓ માટે બાળકો કરતાંય વધુ જવાબદાર તેના મા–બાપને ગણવા. – ફાધર વાલેસ

૩. બાળકને તેની લાગણી છૂટથી વ્યકત કરવા દેવી અને તેની લાગણીમાં રહેલી સચ્ચાઈની કદર કરવી. – પ્ર. ત્રિવેદી

૪. મધુરતમ પાંખડીઓવાળું વણખીલ્યું ગુલાબ એટલે જ બાળક ! – બાયરન

૫. જે માતાઓ નિરાશ રહે છે એમના બાળકો પણ ભવિષ્યમાં અશાંત અને નિરાશ રહે છે. – ડો. સ્ટેનલે

૬. માતા જે ગીત પારણાને સંભળ ાવે છે તે છેક કફન સુધી જાય છે. – હેનરી બિચર

૭. બાળકો જયારે ઈશ્વરને પ્રાર્થના કરે છે ત્યારે ઈશ્વરનો ચહેરો તેમની માતા જેવો હોય છે. – ડો. સુરેશ દલાલ

૮. બાળકમાં દેખાતી કચાશ તે વિકાસની પ્રાથમિક અવસ્થાનું અનિવાર્ય લક્ષણ છે, એમ આપણા મનમાં દઢ થવાની જરૂર છે. – મૂળ શંકર ભટ્ટ, ૯. બાળકના ગાલે ચાડેલો તમાચો એટમબોમ્બ કરતાં ભયાનક જીવલેણ પ્રાણરૂંધક હોય છે. – જુગતરામ દવે

૧૦. પારણામાં બાળક ઝૂલતું હોય કે જયારે શબ્દની ભાષા ન સમજતું હોય ત્યારથી સ્વાભાવિક રીતે જ સંગીત તરફ એની અભિરૂચિ હોય છે. – પંડિત ઓમકારનાથ

# 'કહેવા કરતાં કરવું સારૂં' – મનુબહેન ગાંધી

## ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

બાપુજી હંમેશાં સ્વચ્છતા ઉપર ખૂબ ધ્યાન આપતા. વસ્તુ અસ્વચ્છ થઈ હોય તો સામા માણસને વારંવાર ટોકવાને બદલે પોતે કાર્ય વડે જ બીજાને સ્વચ્છતાનો પાઠ ભણાવે.નોઆખાલીમાં રસ્તા પગદંડીના નાનકડા હતા. કોઈ કોઈ રસ્તો તો એટલો સાંકડો હોય કે મને પાછળ રાખીને બાપુજી એકલા જ પગદંડી પર ચાલી શકે. એથી મારો ટેકો ન મળે એટલે બીજી તરફ ટેકા માટે એમને લાકડી રાખવી પડે. ગમે ત્યાં ગંદકી હોય એ બાપુને બહુ ખૂંચતું. ખુલ્લા પગે એમને એવા ગંદા રસ્તા પર ચાલવું પડતું. આજુબાજુમાં મળ , થૂંક, કચરો ઈત્યાદિ પડેલાં હતાં તે બધું આજુબાજુથી પાંદડાં લઈ પોતે સાફ કરવા લાગ્યા. હું થોડી વાર આભી જ બની ગઈ.

મેં બાપુને ગુસ્સામાં કહ્યું : ''બાપુજી, આપ મને શા માટે શરમાવો છો ? હું અહીં પાછળ હતી, છતાં મને કહેવાને બદલે આપે સાફ કેમ કર્યુ ?''એના જવાબમાં બાપુજી હસ્યા ને બોલ્યા : ''તને કયાં ખબર છે કે મને આવાં કામો કરવામાં કેટલો બધો આનંદ આવે છે ? હું કહું એના કરતાં કરી નાખું તેમાં મને કેટલી ઓછી તકલીફ પડે ?''મેં કહ્યું : ''પણ આ ગામના લોકો જોઈ રહ્યા છે.''

બાપુજીએ કહ્યું : ''તું જોજે, આવતી કાલથી આવા ગંદા રસ્તા મારે સાફ નહીં કરવા પડે, કારણ આ ઉપરથી બધાને પાઠ મળશે કે આવું કામ કરવું એ હલકું કામ નથી.''મેં કહ્યું : '' માનો કે ફકત કાલ પૂરતું સાફ કરે અને પછી જેમ હતું તેમ જ ગંદું રહેશે તો આપ શું કરશો ?'' એટલે ઊલટાની મને પકડી. મને કહે : ''હું તને જોવા મોકલીશ અને ફરી આવો ગંદો રસ્તો હશે તો હું સાફ કરવા આવીશ.'' સાચે જ એવું બન્યું. બીજે દહાડે હું જોવા ગઈ તો રસ્તો ગંદો હતો. પણ બાપુને કહેવા ન જતાં હું જ સાફ કરીને પાછી ફરી. બાપુને કહ્યું : ''હું રસ્તો સાફ કરીને આવી. મારી સાથે ગામના લોકો પણ ભળ્યા હતા, અને આજે તો વચન આપ્યું છે કે આવતી કાલથી તમે ન આવશો, અમે પોતે જ સાફ કરીશું.''બાપુજી કહે : ''તેં મારૂં પુણ્ય લઈ લીધું, એ રસ્તો મારે જ સાફ કરવો હતો, પણ થયું. હવે બે કામ થયાં : એક તો સ્વચ્છતા જળ વાશે અને બીજું લોકો આપેલું વચન પાળશે તો સત્યતા શીખશે.'' અને એ રસ્તો હંમેશને માટે સાફ રહ્યો.

# કમળ પૂજાની વાર્તા

રાજા વિક્રમે રાત પડતાં મશાણમાં જઈ વૃક્ષ પરથી મડદાને ઉતારી ખભે નાંખી ચાલવા માંડયું. ત્યાંજ મડદામાં રહેલ વેતાલ બોલ્યો – 'આજની વાર્તા સમાજના રીતી–રિવાજો પરની છે. માટે ધ્યાનથી વાર્તા સાંભળજો.' આમ કહી વાર્તા કહેવી શરૂ કરી.

વાર્તા વારણસી નગરીમાં એક ધની શેઠ રહેતો હતો. એને સુકુમાર નામે એકનો એક પુત્ર હતો. સુકુમાર દેખાવમાં તેમજ રહેણી કરણી બાબતે રાજાનો રાજકુમાર હોય તેવું લાગતું હતું.

દરરોજ વહેલી સવારે પોતાનો તેજસ્વી ઘોડો લઈ નગરમાં ફરવા નીકળતો. આ એનો નિત્યક્રમ હતો. એક દિવસ સુકુમાર એક તળ ાવ પાસેથી નિકળ્યો. ત્યાં એને કેટલાંક પુરૂષો અને સ્ત્રીઓને કપડાં ધોતા જોયા. એટલામાં સુકુમારનું ધ્યાન એક સુંદર કન્યા પર પડયું. એ કયાંય સુધી એ કન્યાને જોતો રહ્યો. પરંતુ એનું મન ત્યાંથી આગળ જવા માટે માનતું નથી. આખરે તળાવ પાસે આવેલ મંદિરના પગથિયે બેસીને એ કન્યાને સવારથી સાંજ સુધી જોતો રહ્યો. અંધારૂ થતાં નિરાશ થતો ઘેર

## વિક્રમ – વેતાલ

૨૫-વાર્તાઓ

સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

ગયો.ખાધા–પીધા વગર પથારીમાં સૂવાની તૈયારી કરી. પરંતુ એને કેમે કરીને ઉંઘ આવતી નથી. એ વારંવાર સુંદર કન્યાના વિચારમાં ખોવાઈ જાય છે. અને જાત જાતના સ્વપ્ના સેવે છે. આમ ને આમ કયારે સવાર પડી ગઈ એનું એને ભાન જ ન રહ્યું.

બીજે દિવસથી ખાવાપીવાનું, કામ કાજ કરવાનું વિગેરે છોડી પોતાના ઓરડામાં જ પડયો રહ્યો. આવું બે ત્રણ દિવસ થતાં એના માતા–પિતાને ખૂબ ચિંતા થવા લાગી.

આ બાબતે સુકુમારને પૂછતાં એને કાંઈ જવાબ ન આપ્યો. વધારે પૂછપરછ કરે તો તરત કહી દેતો કે તબિયત સારી નથી મને એકલો રહેવા દો. આમ દિવસ પર દિવસ પસાર થતાં એનું શરીર દુબળું પડી ગયું.

એના માતા–પિતાએ સુકુમારના ઈલાજ માટે વૈદો, હકિમો બોલાવ્યા. પરંતુ તેમનાથી પણ કાંઈ ફરક ન પડયો.

આખરે સુકુમારને એના માતા–પિતા દેવીના દર્શન માટે મંદિરે લઈ ગયા. એના માતા–પિતાએ દેવીની પૂજા કરી, કેટલીયે માનતાઓ માની. જયારે સુકુમાર દેવીની પૂજા કરતા આજીજીભર્યા અવાજે બોલ્યો – ' હે મા, મારૂ લગ્નએ સુંદર કન્યા સાથે કરાવી આપો. હું વચન આપુ છું કે લગ્નના એક મહિના બાદ હું અહીં આવી મારૂ માથું તમારા ચરણોમાં ચડાવી દઈશ. મા મારી પર આટલી કૃપા કરો.'

દેવીના દર્શન કર્યા પછી બધા ઘરે પાછા આવ્યા. (ક્રમશઃ)

# અસફળતાનું રહસ્ય

''ખીજવશે નહીં ! એ લોકો કેટલા બધા આગળ વધી ગયા છે. તે જીવનનાં ત્રણ વર્ષ નકામા ગુમાવ્યાં છે. સમય ચણો કીમતી હોય છે. જે એને ગુમાવે છે તે પોતે પણ દુઃખી થાય છે. તું હમણાં જ જા અને ગુરૂજીની માફી માંગ અને કાવજીથી અભ્યાસ કર. એમાં જ તારૂં કલ્યાણ છે.''સ્ત્રીની વાત સાંભળીને વોપદેવ ચાલી નીકળ્યો. આખા રસ્તે તે વિચારતો રહ્યો કે પથ્થર ઘણો મજબૂત હોય છે છતાં પણ ઘડાએ એના પર ખાડો પાડયો. સાથીદારો કહે છે કે મારી મુદ્ધિ પથ્થર જેવી છે. જેમ પથ્થરમાં ખાડો પડી જાય છે એમ મારી સમજમાં ભણતર કેમ ઉતરતું નથી. સ્ત્રીએ કહ્યું છે કે ચેજ રોજના અભ્યાસથી ઘડાએ પથ્થરમાં ખાડો પાડયો છે. હું પણ મન લગાવીને ભણીશ તો ગુરૂજીની વાતો જરૂર મજાશે. અત્યાર સુધી તો હું એટલા માટે પાછળ રહી ગયો કે ભણવામાં મન લાગતું ન હતું એટલે ભણતર મને

## બાળ નિર્માણની વાર્તાઓ

ડો.આશાબહેન એ.શાહ - સરસિજ

અઘરૂ લાગતું હતું. હવે હું સાચા મનથી ભણીશ. કયાં સુધી તે મને સમજાશે નહિ ?વિચાર કરતો કરતો તે પાઠશાળામાં આવ્યો અને ગુરૂજીનાં ચરણોમાં નમી પડયો. રૂંધાયેલા કંઠે બોલ્યો ''ગુરૂદેવ ! હું અજ્ઞાની છું. મને ક્ષમા આપો. આપની વાત ન માનીને મેં મારો સમય ગુમાવ્યો છે. હવે હું કાળજી રાખીને ભણીશ.''એની વાત સાંભળીને ગુરૂજીને આનંદ થયો અને ભેટી પડયા. વોપદેવે ફરીથી પૂછયું કે ગુરૂજી, ''માટીનો ઘડો પથ્થરમાં ખાડો પાડે છે તો શં હું રોજ રોજ ભણીને વિદ્વાન બની શકીશ ખરો !''''હા, હા, કેમ નહીં બને ? જે દરરોજ મન લગાવીને કામ કરે છે તેમાં તેને જરૂર સફળતા મળે છે. મોટાં મોટાં કામ પણ પૂરાં કરી શકે છે.''

એ દિવસથી વોપદેવે ભણવાનું શરૂ કરી દીધું. થોડા જ સમયમાં તે પોતાની લગનથી વિદ્વાન બની ગયો. એવું કયું કામ છે, જેને પૂરૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવે અને તે પૂરૂ થાય ?''વોપદેવે સંસ્કૃતના વ્યાકરણની રચના પણ કરી છે જેનું નામ છે – 'મુગ્ધ બોધ'. એમાં એણે ઘણી સરળ અને સહેલી રીતે સંસ્કૃત ભાષાનું જ્ઞાન કરાવ્યું છે. આજે પણ તે પોતાના એ પુસ્તક માટે પ્રખ્યાત છે. દરરોજના અભ્યાસથી –મહેનતથી બધાં કાર્યોમાં સફળતા મળે છે. વોપદેવની કથા આપણને એમ શીખવે છે કે, વ્યકિત જન્મથી મહાન હોતો નથી, પરંતુ કર્મથી–મહેનતથી અને ગુણથી મહાન બને છે. **(ક્રમશઃ)**

# આ મારું ચિત્ર છે



રાછડિયા હેત કલ્પેશભાઈ
( ધોરણ – ૮, પાઠક સ્કૂલ – અમરેલી )




પરમાર પિનલ રાજેન્દ્રભાઈ
( ધો.૧૦(સી), દિપક હાઈસ્કૂલ શાળા)




ભટ્ટી અકિલ એસ.
( ધોરણ – ૯, જનતા વિદ્યાલય – વડેરા)



કલ્પ સંજયભાઈ વાછાણી
( ધોરણ – ૮, પાઠક હાઈસ્કૂલ – અમરેલી )

### બાઈક ચાલક સ્લીપ થતા અકસ્માત ટળ્યો

# બાબરાના વોર્ડ નં. ૪માં ગટરના પાણી રોડ પર ફરી વળતા સૌ ત્રાહિમામ

## નગરપાલિકા પાસે કાયમી ઉકેલની માંગ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા શહેરના વોર્ડ નંબર –૪ વિસ્તારમાં આવેલ શિવાજી ચોક ખાતે ગટરની ગંભીર સમસ્યાના કારણે સ્થાનિક રહિશો, વિદ્યાર્થીઓ અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી દર બે–ત્રણ દિવસે ગટર ઉભરાવાની સમસ્યા સર્જાતી હોય છે, જેના કારણે ગંદુ પાણી મુખ્ય સીસી રોડ પર ફરી વળે છે અને સમગ્ર વિસ્તાર દુર્ગંધથી પ્રભાવિત બને છે.

ગુરૂવારે આવી જ પરિસ્થિતિ દરમિયાન રોડ પર ભરાયેલા ગટરના પાણીના કારણે એક આધેડ બાઈક ચાલક સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી. ઘટના સ્થળે હાજર નગરપાલિકા વોર્ડ નં. ૪ના સભ્ય આસિફ વાળા તેમજ સ્થાનિક લોકો તાત્કાલિક દોડી ગયા હતા અને બાઈક ચાલકને મદદરૂપ બન્યા હતા. ઘટનાથી થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ શિવાજી ચોક વિસ્તારમાં બે સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી હોવાથી રોજબરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને આ ગંદા પાણીમાંથી પસાર થવાની ફરજ પડે છે. ગટરના પાણીથી આરોગ્ય સંબંધિત જોખમો પણ ઊભા થઈ રહ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

ઘટનાને ગંભીરતાથી લઈ વોર્ડ સભ્ય આસિફ વાળાએ તાત્કાલિક સફાઈ કર્મચારીઓને સ્થળ પર બોલાવી ગટર સફાઈની કામગીરી કરાવી હતી. સાથે જ સ્થાનિકોએ માંગણી કરી છે કે હાલની ખુલ્લી ગટરને ભૂગર્ભ ગટર વ્યવસ્થામાં જોડાણ આપવામાં આવે તો આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે અને ભવિષ્યમાં અકસ્માતો તથા જનહાલાકી અટકાવી શકાય.

સ્થાનિક નાગરિકોએ નગરપાલિકા તંત્રને વહેલી તકે કાયમી આયોજન કરી સમસ્યાનું નિરાકરણ લાવવા અપીલ કરી છે, જેથી લોકો સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણમાં અવરજવર કરી શકે.

### સુશાસન પર્વની ઉજવણી તથા વિશ્વ યોગ દિવસે

# અમરેલી : ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો.ઓપ. સોસાયટી દ્વારા રોપાઓનું વિતરણ કરાશે

## રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયા પણ ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૧૯

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટી લી.– અમરેલી એ ઘણા વર્ષોથી અમરેલી તથા આજુબાજુના ક્ષેત્રમાં તેમના સભાદોનાં સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. અને અવાર–નવાર પોતાનુ સામાજીક ઉતરદાયીત્વ નિભાવતી રહે છે જે અનુસંધાને આગામી તારીખ ૨૧/૬/૨૬નાં રોજ ૧૨માં વિશ્વ યોગદિન નિમીતે તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારે સતત ૧૨ વર્ષ સુશાસનનો રેકોર્ડ કરી ભારત દેશને એક ગરીમા પુર્ણ સ્થાને પહોંચાડેલ છે. આ અભુતપુર્વ ક્ષણને યાદગાર બનાવવા માટે સરકારી આર્યુવેદીક હોસ્પીટલ અમરેલીમાં ચાલતા યોગ શીબીરમાં આગામી ૧૨માં વિશ્વયોગ દિવસ તા. ૨૧/૬/૨૬ને રવિવારે સવારે ૮:૩૦ કલાકે દરેક શિબિરાર્થીઓને તેમજ ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટીના સભાસદોને પોતાના તન–મન ને સ્વસ્થ રાખવાની સાથે પ્રકૃતિના ઉછેર અને જાળવણીને પણ એટલુ જ મહત્વ આપવા માટે વિનામુલ્યે વૃક્ષના રોપા આપી પ્રકૃતિ પ્રત્યે નૈતિક ઉતરદાયીત્વને નિભાવવાનો કાર્યક્રમ થવા જઈ રહયો છે અને આ માધ્યમથી પ્રકૃતિના સંવર્ધનને જાળવવાનો એક સુંદર સંદેશો ફેલાવી સમાજને એક રાહ ચિંધવાનો પ્રયાસ કરશે આ કાર્યક્રમમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા પણ ઉપસ્થિત રહી બધાને પ્રોત્સાહીત કરશે તો ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટીના સભાસદોએ તા. ૨૧/૬/૨૬ને રવિવારે સવારે ૮:૩૦ કલાક થી ૧૦:૦૦ કલાક સુધીમાં સરકારી આર્યુવેદીક હોસ્પીટલ, હઠીલા હનુમાનજી રોડ, અમરેલી મુકામે ચોકકસ હાજરી આપી તેમની પસંદગીના રોપાઓ વિના મુલ્યે મેળવી લેવા વિનંતી છે.

# અમરેલી આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી, તા. ૧૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિવિધ ૨૪ ટ્રેડના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા હાલ શરૂ છે.

પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઈલેકટ્રીશીયન, વાયરમેન, કેમિકલ, ઈન્ફોર્મેશન ટેક, ડ્રાફટમેન, સિવિલ રેફિજરેશન, કોમ્પ્યુટર, વેબ ડિઝાઈન, મશીનિષ્ટ, ટર્નર, ઈન્સ્ટુમેન્ટ મિકેનિકલ, ઈલેકટ્રોનિકસ, ફીટર, મિકેનિક મોટર વ્હીકલ, ડીઝલ મિકેનિક, વેલ્ડર, પ્લમ્બર, આર્મેટર, ટુ વ્હીલ રીપેરર, સર્વેયર, બ્યુટી પાર્લર, સીવણ, ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ છે.

રાજય સરકાર દ્વારા સંચાલિત આ સંસ્થા ખાતે મહિલા, એસ.સી, એસ.ટી, દિવ્યાંગ અને એકસ આર્મીમેન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનિઓને નિઃશુલ્ક પ્રવેશ મળે છે. જયારે જનરલ અને બક્ષીપંચ ભાઈઓને માસિક ૧૦૦ રૂ ફીમાં તાલીમ માટે પ્રવેશ મેળવવાની તક છે.

વિવિધ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સત્તાવાર વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તા. ૨૩/૬/૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી ન પડે તે માટે આઈ.ટી.આઈ. અમરેલી કેમ્પસ ખાતે એક નિઃશુલ્ક ‘ હેલ્પ સેન્ટર’ કાર્યરત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ પોતાના જરૂરી તમામ દસ્તાવેજો (Documents) સંસ્થાના સત્તાવાર વોટસએપ નંબર (૯૪૨૯૦ ૯૮૧૬૮) પર મોકલીને વિનામૂલ્યે પોતાનું ફોર્મ ભરાવી શકશે, તેમ આચાર્ય, આઈ.ટી.આઈ. અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

**ગ્રામ પંચાયત કચેરી બોરાળા**

**:: જાહેર હરરાજી ::**

બોરાળા આંગણવાડી કેન્દ્ર નંબર–૨૮ રામજી વિસ્તારમાં આવેલ પાણીનો ટાંકો પાડી કાટમાળની હરરાજી તા. ૧૩/૬/૨૬ સમય સવારે ૧૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવતી એજન્સીએ ભાગ લેવા જણાવવામાં આવેલ છે.

**હરરાજીની શરતો :**

૧. બોરાળા આંગણવાડી કેન્દ્ર નંબર – ૨૮ પાણીનો ટાંકો ઈમલાની અપસેટ રૂપિયા ૧૦૦૦ નકિક કરેલ છે.
૨. બોરાળા રામજી વિસ્તારમાં આવેલ પાણીનો ટાંકો આ કાટમાળ ઈમલાની અપસેટ કિંમત રૂપિયા ૧૦૦૦ નકિક થયેલ છે.
૩. આસામીએ આ કિંમતથી વધારે બોલી કરવાની રહેશે.
૪. હરરાજીનાં ભાગ લેનારે તમામે રૂા. ૧૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. ડિપોઝીટ નહિ ભરનાર વ્યકિત હરરાજીમા ભાગ લઈ શકશે નહિ.
૫. હરરાજીની તારીખથી વધુમાં વધુ ૧૫ દિવસ સુધીમાં આસામીએ પોતાના ખર્ચ અને જોખમ કાટમાળ ઈમલો પાડી મેદાન સાફ કરી આપવાનું રહેશે.
૬. ઈમલો પાડતા દરમિયાન કોઈ આકસ્મીક બનાવ બને અને જાનમાલને નુકસાન થાય તેની સંપૂર્ણ જવાબદારી હરરાજીમા ઈમલો રાખનારની રહેશે. પંચાયતની કોઈ જવાબદારી રહેશે નહીં.
૭. આખરી બોલ મંજુર કરવાનો કે હરરાજી મોકુફ રાખવાનો હકક શરતો રજુ કરનાર બોરાળા ગ્રામ પંચાયતનો રહેશે.
૮. ક્રમ નંબર ૧ થી ૭મા જણાવેલ હરરાજીનુ શરતોનુ પાલન ચુક થયે ભરવામાં આવેલ ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**એસ.બી. ચોહલા**
**તલાટી કમ મંત્રીશ્રી**

**જી.ડી. મકવાણા**
**સરપંચશ્રી**

---

**જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા જાહેર જનતા, બેંકો, નાણાકીય સંસ્થાઓ, બિલ્ડરો, પ્રમોટરો તથા તમામ વ્યકિતઓને આ જાહેર નોટિસ આપી સાવધાન કરવામાં આવે છે કે :

જીલ્લા અમરેલી, તાલુકા લાઠીના મોજે લાઠી ગામની સીમમાં આવેલ નીચે મુજબની ખેતીની જમીન કે જે સંયુકત માલિકી કબ્જા ભોગવટાની છે :

**– રેવન્યુ સર્વે નં. ૬૬૭/૭૯ પૈકી ૩ (ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૬૭–૮૮)**
**– રેવન્યુ સર્વે નં. ૬૬૭/૬૬ પૈકી ૧ (ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૬૩–૭૪)**

ઉપરોકત ખેતીની જમીન બાબતે અમારા અસીલ શ્રી ઘુસાભાઈ ઉકાભાઈ મકવાણા દ્વારા ગુજ. કાળુભાઈ ઉકાભાઈ મકવાણાના વારસદારો વિરૂધ્ધ **મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબ, લાઠી ની કોર્ટમાં રેગ્યુલર સિવીલ સ્યુટ નં. ૭૦/૨૦૨૫ થી દાવો દાખલ કરેલ છે.**

સદર દાવાના કામે મારા અસીલે વચગાળાનો મનાઈહુકમ મેળવવા અરજી કરેલ હતી. જે અરજીની સુનાવણીના અંતે નામદાર લાઠી સિવિલ કોર્ટે **તા. ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ** વચગાળાના મનાઈહુકમ **ની અરજી મંજુર કરી, ઉપરોકત જમીનમાં મનાઈહુકમ (Status Quo) ફરમાવેલ છે.**

નામદાર કોર્ટે પોતાના હુકમમાં સ્પષ્ટ આદેશ કરેલ છે કે દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી પ્રતિવાદીઓ, તેમના કોઈ એજન્ટો કે મુખત્યાર દ્વારા સદરહુ મિલ્કત અન્ય કોઈને ટ્રાન્સફર કરવી નહિ, વેચાણ કરી નહિ, ગીરો મુકવી નહિ, બક્ષિસ આપવી નહિ અથવા અન્ય કોઈ રીતે તેમાં ત્રાહિત વ્યકિતના હકક–હિત (Third-party rights) ઉભા કરવા નહિ.

તેથી, આ જાહેર નોટિસ મારફતે તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત જમીન નામદાર કોર્ટના મનાઈહુકમ હેઠળ (Sub-judice) છે. જો કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક આ મિલકત અંગે પ્રતિવાદીઓ કે તેમના કોઈ મુખત્યાર (Power of Attorney) સાથે કોઈપણ પ્રકારનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે દસ્તાવેજ કરશે, તો તે સંપૂર્ણપણે ગેરકાયદેસર, રદબાતલ અને નામદાર કોર્ટના હુકમના તિરસ્કાર સમાન ગણાશે. અને તેવા વ્યવહારથી અમારા અસીલના હકકોને કોઈ બાધ આવશે નહિ, અને જો કોઈ આવો વ્યવહાર કરશે તો તેમાં થતા આર્થિક કે અન્ય નુકસાન માટે તેઓ જાતે જ જવાબદાર રહેશે. જેની ગંભીર નોંધ લેવી.

સ્થળ : અમરેલી ઈમેલ : jagatkotecha@gmail.com
તારીખ :
મારફતે :

**જગત વાય. કોટેચા**
**એડવોકેટ**
મો. ૯૯૨૫૮ ૫૧૦૦૬

---

પાના ૧ ઉપરનું ચાલું **દીપડાને વન વિભાગે જબ્બે કર્યો**

આગેવાનોએ વનવિભાગને જણાવ્યું હતું કે અવારનવાર આ વિસ્તારમાં એક કરતાં પણ વધુ દીપડાઓ આવી ચડતા હોય છે ત્યારે એકાદ સપ્તાહ સુધી વધુ પાંજરૂ ગોઠવવામાં આવેલ હતું.

ઉલ્લેખનીય છે કે, નબાપરા વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં આ દીપડો ઘુસી ગયેલો હતો જેથી વનવિભાગે વધુ સર્તકતાથી કામ લઈને દીપડો પાંજરે પુરેલ હતો. છેલ્લા એકાદ સપ્તાહમાં અમરેલી જિલ્લામાં ત્રણ ગોજારી ઘટના બની છે જેમાં વન્ય પ્રાણીઓએ અલગ અલગ ૩ વ્યકિતને ફાડી ખાધાની શાહી હજુ તો સુકાઈ નથી.

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલાનાં ખેરા ગામે**

બાદ અસ્મિતાબેનની મરજીથી તેની સગાઈ કરવામાં આવેલ હતી અને આગામી તા. ૨૨ ના રોજ તેણીના લગ્ન કરવાના હોય. જે આરોપી વિનુભાઈ રણછોડભાઈ ગુજરીયાને મંજુર ન હોય. જે વાતનું મનદુઃખ રાખી તેણીના લગ્ન થતા અટકાવવા માટે આરોપી તથા તેના ભાઈઓ શાંતિભાઈ અને માનસંગ એમ ત્રણેય આરોપી ભાઈઓએ એકસંપ કરી, ગુનાહીત કાવતરૂ ઘડી ગત તા. ૧૮ના રોજ આશરે સાડા ત્રણથી ચારેક વાગ્યાના અરસામાં ખેરા ગામે યુવકના ઘરના ઘાબા ઉપર ચડી અને ત્યાંથી દાદર વાટે યુવકના ઘરમાં પ્રવેશ કરી, યુવકના પપ્પા ભરતભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે આરોપીઓએ યુવકના પપ્પા ભરતભાઈને પકડી રાખી અને વિનુભાઈ ગુજરીયાએ કુહાડી વડે માથામાં ઘા મારી, ગંભીર અને જીવલેણ ઈજા કરી જાનથી મારી નાંખવાની કોશિષ કરી હતી. બાદમાં ત્રણેય નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **મેઘરાજાની પધરામણી**

પૂર્વેના આ સારા વરસાદને પગલે જગતનો તાત હવે આગામી ખરીફ પાકની તૈયારીઓમાં ભારે ઉત્સાહ સાથે જોતરાઈ જશે. આકાશમાંથી કાચા સોના સમાન વરસેલા આ પ્રથમ વરસાદે આબાલ–વૃદ્ધ સૌના ચહેરા પર સ્મિત રેલાવ્યું હતું. ભારે ઉકળાટ અને અકળ ામણમાંથી છુટકારો મળતા લોકોએ રાહતનો ાસ લીધો હતો. ખાસ કરીને બાળકો અને યુવાનોએ ઘરમાંથી બહાર નીકળીને આ પ્રથમ વરસાદમાં ભીંજાવાનો અનોખો આનંદ લીધો હતો. રસ્તાઓ પર વરસાદી પાણીની રમઝટ સાથે બાળકોની કિલકારીઓ અને યુવાનોની મસ્તીએ વાતાવરણને વધુ આહલાદક બનાવી દીધું હતું.

એકંદરે, સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાના આ આગમને અસહ્ય ગરમીથી ત્રસ્ત જનજીવનને શાંતિ અને શીતળતા અર્પણ કરી છે તેમજ ખેડૂત વર્ગમાં એક નવી ઊર્જાનો સંચાર કર્યો છે.

---

### ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

# કુંકાવાવ : આઈ.ટી.આઈ.માં નવા થિયરી વર્ગખંડોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત

## રૂા. ૧.૬૫ કરોડના ખર્ચે ૮ અત્યાધુનિક વર્ગખંડ તૈયાર થશે



અમરેલી, તા. ૧૯

રાજયના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આજે અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ મુકામે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે ૮ નવા થિયરી વર્ગખંડોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આશરે રૂ. ૧.૬૫ કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ નવા વર્ગખંડો કૌશલ્ય શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ સવલત પૂરૂ પાડશે અને વિદ્યાર્થીઓને વધુ આધુનિક તથા સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ કરાવશે.

કુંકાવાવની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે બનનારા નવા થિયરી વર્ગખંડો દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને પૂરતી બેઠક વ્યવસ્થા, ગુણવત્તાસભર શૈક્ષણિક માહોલ અને વિવિધ વ્યવસાયલક્ષી વિષયોના અભ્યાસ માટે વધુ સગવડતા મળશે. વર્ગખંડોની વધતી સુવિધાના કારણે ભવિષ્યમાં નવા ટ્રેડ તથા વધારાના પ્રવેશ માટે પણ માર્ગ મોકળો બનશે.

આ પ્રસંગે રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, નવા થિયરી વર્ગખંડોના નિર્માણથી તાલીમાર્થીઓને આધુનિક કૌશલ્ય શિક્ષણની શૈક્ષણિક સુવિધાઓનો લાભ મળશે, શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે. રાજય સરકારની વણથંભી વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો અને જિલ્લામાં કુંકાવાવ–વડિયા તાલુકો હરણફાળ ભરી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અમરેલી જિલ્લા માટે અનેકવિધ વિકાસકાર્યો મંજૂર કરી રહ્યા છે. આજે વિસ્તારના યુવાનો માટે કૌશલ્ય શિક્ષણના પાયા સમાન આ સંસ્થાની જરૂરિયાત મુજબની કામગીરીનો શુભારંભ થયો છે. તેમણે ઉમેર્યુ કે, ગ્રામ્ય ઉત્થાન અને ખેડૂતોના મુદે રાજય સરકાર સતત કામગીરી કરી રહી છે. કુંકાવાવ પંથકની સૌની યોજનાની પાણીની માગ આગામી દિવસોમાં પૂર્ણ થવાની છે. ટૂંક સમયમાં આ કામગીરીનું લોકાર્પણ કરવાની પ્રતિબદ્ધતા મંત્રીએ દર્શાવી હતી. આ ઉપરાંત આઈ.ટી.આઈ.ની તાલીમથી મોટી સંખ્યામાં યુવાનો પગભર થઈ રહ્યા હોવાથી મંત્રી આઈ.ટી.આઈ.ના પ્રિન્સીપાલ તેમજ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

શિક્ષણક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાની પ્રતિબદ્ધતા દર્શાવતા તેમણે ઉમેર્યુ હતું કે, વર્ષો પહેલા જયારે એક વર્ગખંડમાં ૫–૭ જેટલા ધોરણના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા તેવી અગવડ હતી. રાજય સરકારના શિક્ષણક્ષેત્રે આધુનિક સુવિધાઓ આપવાના અભિગમના લીધે આજે કુંકાવાવ તાલુકામાં ૪ શાળાના નવા મકાન તૈયાર થયા છે. વિદ્યાર્થીઓને સારી સગવડ મળે તો શિક્ષણ પ્રત્યે તેમનો અભિગમ બદલાતો હોવાનું મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય કમલેશભાઈ, આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિપૂલભાઈ પાચાણી, તાલુકા પંચાયતના સભ્યો, એ.પી.એમ.સી. કુંકાવાવના ચેરમેન અંટાળા, મામલતદાર વડિયા, જિલ્લા વિકાસ અધિકારી કુંકાવાવ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કુંકાવાવના આચાર્ય ચૌધરી, અગ્રણી યોગેશભાઈ લાખાણી, સંજયભાઈ, સરપંચ સંજયભાઈ લાખાણી, અગ્રણી સર્વ શૈલેષભાઈ, દલસુખભાઈ, મનોજભાઈ હપાણી, જગદીશભાઈ પોકળ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ, કુંકાવાવના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
વ્યાજબી ફી – સારૂ શિક્ષણ ઉચ્ચ પરિણામ
ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટ્રાઈમંથલી Exam
KG થી ૧૨ ઈંગ્લીશ મિડીયમ કોમર્સ સાયંસ
KG થી ૧૨ ગુજરાતી મિડીયમ આર્ટસ કોમર્સ સાયંસ
વિવિધ લક્ષી સ્કૂલ પ્રવૃતિ હોસ્ટેલ મેસ મેડિકલ સુવિધા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત


### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૭૫ |
| ૨ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૮૩૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૧૫ | ૧૭૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૨૯૫ | ૨૬૦૦ |
| ૫ | તલ કાળા | ૨૧૨૦ | ૩૭૨૦ |
| ૬ | બાજરો | ૩૬૦ | ૪૦૫ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૧૦૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૭૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૫ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૫૬૫ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૬૯૫ |
| ૧૨ | અડદ | ૧૪૫૦ | ૧૫૫૦ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૧૬૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૧૧૦ | ૧૧૮૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૦૧૦ | ૧૨૦૦ |
| ૧૭ | તુવેર | ૯૦૦ | ૧૪૬૫ |
| ૧૮ | કપાસ | ૧૦૦૦ | ૧૯૦૫ |
| ૧૯ | એરંડા | ૧૦૭૦ | ૧૩૫૦ |
| ૨૦ | જીરૂ | ૨૦૦૦ | ૩૯૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૭૦ | ૧૪૪૭ |
| ૨ | શીંગ દાણા | ૧૭૦૦ | ૨૦૩૨ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૬૮૬ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૩૮૬૦ |
| ૬ | કપાસ | ૧૫૫૦ | ૧૮૬૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૮૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૬૭૦ |
| ૧૩ | અડદ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૪ |
| ૧૫ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૧૬૩ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | એરંડી | ૧૨૫૦ | ૧૩૨૦ |
| ૧૮ | મેથી | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૨૦ | ધાણા | ૨૨૦૦ | ૨૮૪૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૦ | ૧૮૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૧૨૫૫ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૯૦ | ૨૩૮૦ |
| ૫ | તલ કાળા | ૨૯૪૦ | ૩૪૫૦ |
| ૬ | જીરૂ | ૩૦૩૦ | ૪૧૦૦ |
| ૭ | ચણા | ૧૧૩૫ | ૧૧૫૫ |
| ૮ | ઘઉં | ૪૫૫ | ૫૧૫ |
| ૯ | મગ | ૧૩૯૦ | ૧૬૮૦ |
| ૧૦ | તુવેર | ૧૧૭૦ | ૧૩૧૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૬ | ૪૫૬ |
| ૩ | ચણા | ૧૧૦૨ | ૧૧૪૭ |
| ૪ | તુવેર | ૮૦૦ | ૧૪૫૧ |
| ૫ | ધાણા | ૨૫૧૦ | ૨૫૧૦ |
| ૬ | મગ | ૭૦૦ | ૧૫૭૫ |
| ૭ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૯૫ |
| ૮ | તલ કાળા | ૨૬૩૦ | ૩૧૪૦ |
| ૯ | મકાઈ | ૩૬૫ | ૩૬૫ |
| ૧૦ | દાણા | ૧૪૫૦ | ૧૯૫૦ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૧૨ | રાઈડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૧૩૧૫ | ૧૩૩૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૦ | ૧૧૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૬૮ |
| ૩ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૪૬૬ |
| ૫ | તુવેર | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૧૧૪ |
| ૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ધાણા | ૨૪૦૦ | ૨૫૩૫ |
| ૯ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૦૩૫ | ૧૩૫૧ |
| ૧૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૭૫ |
| ૧૩ | શીંગફાડા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૧૫ | લસણ | ૯૨૦ | ૯૨૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૭૦ |
| ૩ | તલ કાળા | ૨૨૫૦ | ૩૭૫૧ |
| ૪ | કપાસ | ૧૧૫૧ | ૧૭૭૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૦૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૨૫૧ | ૪૭૦ |
| ૭ | જુવાર | ૫૮૧ | ૧૧૪૦ |
| ૮ | મકાઈ | ૨૭૧ | ૪૮૦ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૬૬૬ |
| ૧૦ | અડદ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | તુવેર | ૮૦૦ | ૧૩૯૭ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| ૧૩ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૧૪ | ધાણા | ૧૨૫૦ | ૨૩૦૦ |
| ૧૫ | મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |

# THE AMRELI JILLA MADHYASTHA SAHAKARI BANK LTD., AMRELI.

(Head Office : Bhojalram Bhavan, Rajmahel road, Amreli)

## INDEPENDENT AUDITOR'S REPORT

To,
**The Members Of**
**The Amreli Jilla Madhyastha Sahakari Bank Limited**
**Amreli**

**Report on the Financial Statements:**

We have audited the accompanying Financial Statements of **THE AMRELI JILLA MADHYASTHA SAHAKARI BANK Limited.,** which comprise the Balance Sheet as at March 31, 2026, the Statements of Profit & Loss and the Cash Flow Statement for the year then ended, and notes to the Financial Statements, including a summary of significant accounting policies and other explanatory information (hereinafter referred to as "Financial Statements").

In our opeinion and to the best of our information and according to the explanations given to us, the aforesaid financial Statements (read with Long Form Audit Report (LFAR)) give the information required by the Banking Regulation Act, 1949 in the manner so required and give a true and fair view in conformity with the accounting principlps generally accepted in india:

i) in case of the Balance Sheet, of the State of affairs of the Bank as at March 31. 2026.
ii) in case of the Statement of profit and Loss, of the profit of the Bank for the year ended on that date; and
iii) in the case of Case Flow Statement, of the case flows for the year ended on that date.

**Basis for Opinion:**
We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by the Institute of Chartered Accountants of India. Our responsibilities under those Standards are further described in the Auditor's Responsibilities for the Audit of the Financial Statements section of our report. We are independent of the Bank in accordance with the Code of Ethics issued by the Institute of Chartered Accountants of India together with the ethical requirements that are relevant to our audit of the Financial Statements, and we have fulfilled our ethical responsibilities in accordance with these requirements and the Code of Ethics. We believe that the audit evidence obtained by us is sufficient and appropriate to provide a basis of our audit opinion on the financial statements..

**Emphasis Matter:**
Without qualifying our opinion, we draw attention to Note No. 22 to the financial statements, which pertains to the accounting treatment of Deferred Tax under Accounting Standard (AS) 22 - Accounting for the Taxes on Income. We have observed that the working and computation of Deferred Tax Asset, as recognised by the Bank during the year, requires further alignment with the prescribed methodology under AS 22.

Our opinion is not modified in respect of this matters.

**Informantion Other than the Financial Statements and Auditor's Report Thereon :**
The Bank's Board of Directors is responsible for the preparation of other information. The other information comprises the information included in the Board's Report Inqding Annexures to Board Report but does not include the Financial Statements and our auditor's report thereon. The other information is expected to be made available to us after the date of this report.

Our opinion on the Financial Statements does not cover the other information and we do not express any form of assurance conclusion thereon.

In connection with our audit of the Financial Statements, our responsibility is to read the other information and, in doing so, consider whether the other information is materially inconsistent with the financial statements or our knowledge obtained in the audit or otherwise appears to be materially misstated.

When we read the other information, If we conclude that there is a material misstatement therein, we are required to communicate the matter to those charged with governance.

**Responsibilities of Management and Those Charged with Governance for the Financial Statements:**

The Bank's Board of Directors is responsible with respect to the preparation of these financial statements that give a true and fair view of the financial position and financial performance and cash flows of the Bank in accordance with the accounting principles generally accepted in India, including the Accounting Standards and the provision of Section 29 of the Banking Regulations Act, 1949 and circulars and guidelines issued by the Reserve Bank of India, National Bank for Agricultural and Rural Development, the Registrar of Co-operative Societies, Gujarat and the Gujarat Co-operative Societies Act,1961 and the rules made thereunder, as applicable from time to time.

This responsibility also includes maintenance of adequate accounting records in accordance with the provisions of the Act for safeguarding of the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies; making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and Completeness of the accounting records, relevant to the Preparation and Presentation of the Financial Statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.

In preparing the financial statements, management is responsible for assessing the Bank's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless The Board of Directors either intends to liquidate the Bank or to cease operations, or has no realistic alternative but to do so.

The Board of Directors is also responsible for overseeing the Bank's financial reporting pocess.

**Auditor's Responsobilities for the Audit of the Financial Statements:**

Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with SAs will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

As part of an audit in accordance with SAs, we exercise professional judgment and maintain professional skepticism throughout the audit. We also:

- Identify and assess the risks of material misstatement of the Financial Statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control.
- Obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances but not for the purpose of expressing an opinion on the effectiveness of the Bank's internal control.
- Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.
- Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and, based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the Bank's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or, if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our auditor's report. However, future events or conditions may cause the Bank to cease to continue as a going concern.
- Evaluate the overall presentation, structure and content of the financial statements, including the disclosures, and whether the financial statements represent the underlying transactions and events in a manner that achieves fair presentation.

We communicate with those charged with governance regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit.

We also provide those charged with governance with a statement that we have complied with relevant ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards.

**Report on Other Legal and Regulatory Requirements:**

The Balance Sheet and Profit and Loss Account have been drawn up in Form "A" and Form "B" respectively of the Third Schedule to the Banking Regulation Act, 1949 (as applicable to co-operative societies) as substituted by clause (zl) of section 56 of the said Act and presentation and disclosure of "Notes on Accounts" have been drawn up in accordance with RBI Master Directions no. DOR.ACC.REC.No. 45/21.04.018/2021-22.

Subject to the limitations described in the paragraph "Information Other than the Financial Statements and Auditor's Report thereon", and as required under Section 30(3) of the Banking Regulation Act, 1949,

**we report that:**

a) We have sought and obtained all the information and explanations which to the best of our knowledge and belief were necessary for the purposes our audit and have found them to be satisfactory;
b) We further report that the transactions of the Bank, which have come to our notice,have been within the powers of the Bank;
c) The returns received from Branches Offices of the Bank have been found to be adequated for the purpose of our audit;

**We further report that:**

a) In our opinion proper books of account as required by law have been kept by the Bank so far as appears from our examination of those books and returns.
b) The Balance Sheet, Profit and Loss Account and Cash Flow Statement dealt with by this Report are in agreement with the books of account and returns;
c) The reports on the accounts of the branch offices audited by us under section 29 of the Banking Regulation Act, 1949 have been properly dealt with by us in preparing this report;
d) In our opinion, aforesaid Financial Statements, comply with the Accounting Standards as applicable prescribed by the Institute of Chartered Accountants of India, to the extent they are not inconsistent with the accounting policies perscribed by the reserve Bank of India.

**FOR, Manek Parekh Khiraiya & Associates**
**Chartered Accountants**
**FRN: 127201W**

**(CA. N.P. Parekh)**
**Partner**
**M.NO. 122936**
**UDIN : 26122936ASQUYV3175**

**Date: 08.06.2026**
**Place : Rajkot**

### ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., અમરેલી.
### તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ પુરા થતાં વર્ષનું નફા–નુકસાન પત્રક
### PROFIT AND LOSS ACCOUNT FOR THE YEAR ENDED 31.03.2026

| SR No. અ.નં. | EXPENDITURE : જાવક | એને. Anne | For The Year 2025-26 | For The Year 2024-25 |
|---|---|---|---|---|
| 1 | Interest on deposits, Borrowings, etc. થાપણો અને કરજ ઉપરનું વ્યાજ | 16 | 1,57,07,06.471.83 | 1,46,47,57,484.42 |
| 2 | Salaries, Allowances, and Provident Fund, etc. : પગાર, ભાડા–ભથ્થાઅને પ્રોવિડન્ટ ફંડ | 17 | 49,97,97,807.85 | 47,72,69,267.81 |
| 3 | Directors & Local Committee Member's Fees & Allowances : ડાયરેકટરો અને સ્થાનિક કમિટી મેમ્બર્સને ફી તથા ભાડા–ભથ્થા | -- | 3,51,545.00 | 3,66,471.00 |
| 4 | Rent, Taxes, Insurances, Lighting etc. : ભાડુ, ટેક્ષ, વિમો તથા લાઈટીંગ વિગેરે | -- | 1,22,04,896.04 | 1,08,97,219.87 |
| 5 | Law Charges : દાવા ખર્ચ | -- | 6,87,460.00 | 5,45,595.00 |
| 6 | Postage & Telegram and Telephone Charges : તાર–ટપાલ અને ટેલીફોન ખર્ચ | -- | 14,03,446.95 | 14,89,959.92 |
| 7 | Auditors Fees : ઓડીટર્સ ફી | -- | 45,93,500.00 | 34,57,000.00 |
| 8 | Depreciation on and repairs in property : મિલ્કતમાં ઘસારો અને સમારકામ | 19 | 1,71,87,560.00 | 1,47,26,721.00 |
| 9 | (A) Printing& Stationery Exp. : પ્રિન્ટીંગ સ્ટેશની ખર્ચ | -- | 46,52,628.80 | 43,27,619.19 |
| | (B) Advertisement Exp.etc. : જાહેરાત ખર્ચ વિગેરે | -- | 2,37,656.00 | 21,21,252.00 |
| 10 | Loss form sale of dealing with non-banking Assets : બિન ઉપજાવ મિલ્કતથી થયેલ ખોટ | -- | 0.00 | 0.00 |
| 11 | Loss on sale of Asset : મિલ્કત વેચાણની ખોટ | -- | 3,42,187.00 | 0.00 |
| 12 | Other Expenditure : અન્ય ખર્ચ | 18 | 10,92,19,793.12 | 10,06,99,327.28 |
| 13 | Other Provisions : અન્ય જોગવાઈઓ | 20 | 9,98,39,227.00 | 5,31,52,146.33 |
| 14 | **Profit before IncomeTax : નફો (ઈન્કમટેક્ષ પહેલાનો)** | | **50,87,53,690.79** | **39,81,80,506.21** |
| 15 | Income Tax : ઈન્કમટેક્ષ | | 14,01,12,849.99 | 10,77,92,858.00 |
| 16 | **Net Profit after Tax : નેટ નફો (ઈન્કમટેક્ષ પછીનો)** | -- | 36,86,40,840.80 | 29,03,87,648.21 |
| | **કુલ –Total** | | **2,82,99,77,870.38** | **2,53,19,90,570.03** |

| અ.નં. SR No. | INCOME : આવક | એને. Anne | For The Year 2025-26 | For The Year 2024-25 |
|---|---|---|---|---|
| 1 | Interest and Discount : વ્યાજ અને વટાવ | 21 | 2,78,56,75,516.32 | 2,49,00,26.538.99 |
| 2 | Commissions, Exchange & Brokerage : કમીશન, વટાવ અને બ્રોકરેજ | 22 | 32,30,635.75 | 33,09,753.92 |
| 3 | Subsidy and Donation : સબસીડી અને ડોનેશન | -- | 0.00 | 0.00 |
| 4 | Income from Non - banking Asset and profit from sale of or dealing with such assets : નોન–બેકિંગ એસેટમાંથી થતી આવક અને આવી એસેટના વેચાણ કરવાથી થયેલ નફો | -- | 0.00 | 0.00 |
| 5 | Other Receipts/Income : અન્ય આવક | 23 | 2,64,29,331.31 | 2,43,55,694.12 |
| 6 | Profit on sale of Asset : મિલ્કત વેચાણનો નફો | -- | 2,02,261.00 | 5,077.00 |
| 7 | Locker Rent : લોકર ભાડુ | -- | 84,06,317.00 | 81,32,662.00 |
| 8 | Dividend income : ડીવીડન્ડ આવક | -- | 60,18,809.00 | 58,45,844.00 |
| 9 | Profit on Investment : રોકાણ વેચાણનો નફો | -- | 15,000.00 | 3,15,000.00 |
| | **કુલ-Total** | | **2,82,99,77,870.38** | **2,53,19,90,570.03** |

### ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., અમરેલી.
### શીડયુલ – ૩ સેકશન – ૨૯, ફોર્મ એ તા.૩૧/૦૩/૨૦૨૬ નાં રોજનું સરવૈયું
### BALANCE SHEET AS ON 31.03.2026

| SR No. | Capital & Liabilities મુડી અને દેવા | Anne એને. | Dt.31/03/2026 | Dt.31/03/2025 |
|---|---|---|---|---|
| 1 | **Share Capital:** શેર ભંડોળ | 1 | 86,99.03,700.00 | 83,15,25,700.00 |
| 2 | **Reserve Fund and Other Reserves:** રીઝર્વ ફંડ અને અન્ય ફંડસ | 2 | 1,79,74,02,283.67 | 1,56,34,80,753.96 |
| 3 | **Principal/Subsidiary State Partnership Fund Account:** પ્રિન્સીપલ/સબસીડીયરી સ્ટેટ પાર્ટનરશીપ ફંડ એકાઉન્ટ | 3 | 50,000.00 | 50,000.00 |
| 4 | **Deposits and Other Accounts:** થાપણો | 4 | 28,26,41,12,724.23 | 22,36,15,97,215.91 |
| 5 | **Borrowings :** કર્જ | 5 | 4,97,45,44,593.00 | 7,51,37,24,064.00 |
| 6 | Bills for collection being bills receivable as per contra: બિલ્સ ફોર કલેકશન (સામે બાજુ– બિલ્સ રીસીવેબલ–કોન્ટ્રા પ્રમાણે) | - | 10,85,003.00 | 49,55,411.00 |
| 7 | Branch Adjustments: બ્રાન્સ એડજસ્ટમેન્ટ | - | 0.00 | 0.00 |
| 8 | Overdue Interest Reserve : મુદતવિતી વ્યાજ અનામત | - | 8,83,47,743.41 | 6,29,06,205.41 |
| 9 | Interest Payable: ચુકવવાપાત્ર વ્યાજ | - | 75,08,01,755.48 | 72,99,02,209.35 |
| 10 | Other Liabilities: અન્ય જવાબદારીઓ | 6 | 53,84,99,113.86 | 43,67,47,618.99 |
| 11 | Provisions: જોગવાઈઓ | 7 | 36,40,55,056.35 | 30,90,55,056.35 |
| 12 | **Profit and Loss:** નફો અને નુકશાન | 8 | 36,86,40,840.80 | 29,03,87,648.21 |
| 13 | Notes to Accounts: નોટસ ટુ એકાઉન્ટ | 24 | 0.00 | 0.00 |
| | **કુલ : Total** | | **38,01,74,72,813.80** | **34,10,43,31,883.18** |
| | **Contigent Liabilities:** કન્ટીજન્ટ લાયાબીલીટીઝ | | | |
| | (i)Outstanding Liabilities for Bank Guarantee issue: બેંક ગેરંટી જવાબદારી રૂા. | | **5,10,000.00** | **0.00** |
| | (ii)Other Contigent Liabilities: અન્ય કન્ટીજન્ટ લાયાબીલીટીઝ | | 6,37,66,228.00 | 4,02,00,888.00 |

| SR No. | Property & Assets મીલ્કત અને લ્હેણા | Anne એને. | Dt.31/03/2026 | Dt.31/03/2025 |
|---|---|---|---|---|
| 1 | **Cash in Hand and Bank Balance:** રોકડ અને બેંકોમાં ચાલુ ખાતે | 9 | 1,58,67,25,104.36 | 1,92,20,82,601.13 |
| 2 | **Balance with Other anks(FDRs):** અન્ય બેંકોમાં ફીકસ ડિપોઝીટસ | 10 | 4,69,10,00,000.00 | 3,57,00,00,000.00 |
| 3 | **Money at call and short notice:** કોલ અને ટુંકી મુદતની નોટીસ થાપણો | - | 0.00 | 0.00 |
| 4 | **Investment:** રોકાણો | 11 | 5,98,89,38,250.00 | 5,29,84,08,250.00 |
| 5 | Investments Out of the Princiapal / Subsidiary State Partnership Fund: પ્રિન્સીપલ સબસીડીયરી સ્ટેટ પાર્ટનરશીપ ફંડમાંથી રોકાણ (પાથ.ખે. વિ.સ.મં.ના શેર ભંડોળ માટે) | - | 50,000.00 | 50,000.00 |
| 6 | Advances: ધિરાણો | 12 | 24,35,11,46,583.22 | 22,10,00,85,288.72 |
| 7 | Interest Receivable: વ્યાજ લ્હેણા | 13 | 16,28,84,826.74 | 11,79,92,615.49 |
| 8 | Bills Receivable Being Bills for Collection As per Contra : બીલ્સ રીસીવેબલ (સામે બાજુ બીલ્સ ફોર કલેકશન–કોન્ટ્રા પ્રમાણે) | - | 10,85,003.00 | 49,55,411.00 |
| 9 | Branch Adjustments: બ્રાન્ચ એડજ/ટમેન્ટ | - | 0.00 | 0.00 |
| | **Fixed Asset:** સ્થાવર મિલકતો | | | |
| 10 | Premises Less Depriciation: ઘસારા બાદની જમીન મકાન | 14 | 3,29,29,245.34 | 3,35,11,247.34 |
| 11 | Furniture and Fixtures Less Depriciation: ઘસારા બાદની ફર્નિચર અને ફીકર્સસ | 14 | 8,24,14,426.00 | 7,45,64,453.00 |
| 12 | **Other Assets:** અન્ય મિલ્કતો | 15 | 1,12,02,99,375.14 | 98,26,82,016.50 |
| 13 | Non Banking Asets Acquired in satisfaction of claims (Static Mode of Valuation): જપ્ત કરેલ નોન બેકીંગ | - | 0.00 | 0.00 |
| 14 | **Profit and Loss:** નફો અને નુકશાન | - | 0.00 | 0.00 |
| | **કુલ –Total** | | **38,01,74,72,813.80** | **34,10,43,31,883.18** |

As Per our separate report of
Even date annexed herewith:
For, Mnak Parekh Khiraiya & Associates
Chartered Accountants,
F.R.No, : 127201W
**(CA Nishant P. Parekh)**
Partner
M.No.122936
Date : 08/06/2026
Place : Amreli

**(M. P. Sukhadiya)** Manager

**(A. B. Gondaliya)** Addi. Gen. Manager

**(B. S. Kothiya)** General Manager (CEO)

**(Arunbhai M. Patel)** Vice Chairman

**(Dileep Sanghani)** Chairman

**For, THE AMRELI JILLA MADHYASTHA SAHAKARI BANK LTD., AMRELI**

અમદાવાદના અનુભવી મણકાની એન્ડોસ્કોપીક અને મિનિમલ ઈન્વેસિવ સર્જરીના નિષ્ણાંત હવે આપણા અમરેલીમાં.... તારીખ : ૨૧/૦૬/૨૦૨૬ રવિવાર
સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
ઉપલબ્ધ સારવાર
- કમર કે ગરદનની નસનો દુ:ખાવો, જેમ કે સાઈટીકા માટે ઓપરેશન વગર ઈન્જેકશન દ્વારા સારવાર.
- કી હોલ (1.5 સેમી)ના ચેકા દ્વારા નસનું દબાણ હટાવવાનું ટાંકા વગરનું ઓપરેશન.
- આધુનિક પધ્ધતિથી (Minimally invasive) દ્વારા સ્નાયુ કાપ્યા વગરનું ઓપરેશન.
- ત્રાસી કમરની (Scoliosis) તકલીફ માટેનું ઓપરેશન.
- દૂરબીન (Endoscopy) દ્વારા ખસેલી ગાદી માટેનું ઓપરેશન.
- મણકાની અન્ય તમામ તકલીફ માટેનું સચોટ માર્ગદર્શન અને નિદાન
24/7 Emergency Services
પ્રોફે.ડો.મંથન એચ.માંડલીયા Consultant -Spine Surgeon
(M.S.Ortho) F.I.S.S.(AOSPINE U.K.,M.I.S.S.Germany))
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## કાળઝાળ ગરમી અને ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી

# અમરેલી, દામનગર, સાવરકુંડલા પંથકમાં મેઘરાજાની પધરામણી

**પ્રથમ વરસાદથી ખેડૂતો ખૂશ થયા તો નાના ભુલકાઓએ મજા માણી**

**જિલ્લાભરનાં ખેડૂતોએ ખેતર તૈયાર કર્યા હોય સૌપ્રથમ અમી છાંટણા**

**ચોમાસાનાં આગમન પહેલા પડેલા વરસાદથી ખરિફ પાકની તૈયારીનો ઉત્સાહ વધ્યો**

**જો કે આગામી અઠવાડીયામાં સત્તાવાર વરસાદનો પ્રારંભ પણ થવાની શકયતા**



અમરેલી, તા. ૧૯
અમરેલી, સાવરકુંડલા, દામનગર સહિતનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં આજે ચોમાસાનો એંધાણ દર્શાવતો વરસાદ પડતાં ખરિફ પાકની તૈયારી કરતાં ખેડૂતોમાં ઉતસાહનો માહોલ છવાયો છે.

**અમરેલી**

અમરેલી શહેરમાં આજે બપોરનાં સમયે સરદાર સર્કલ, કોલેજ ચોક સહિતનાં વિસ્તારમાં થોડીવાર માટે અમી છાંટણા થયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તો દામનગરમાં પણ વરસાદનાં વાવડ હતા.

**સાવરકુંડલા**

છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી અને ભારે ઉકળાટ બાદ સાવરકુંડલા તાલુકાના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. સાવરકુંડલા પંથકના ખડસલી, બાઢડા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા પૂર્વેના પ્રથમ વરસાદના (પ્રિ–મોન્સૂન એકિટવિટી) શ્રીગણેશ થતાં સમગ્ર પંથકમાં ટાઢક પ્રસરી ગઈ છે. ખેડૂતોમાં આનંદની લહેર.

લાંબા સમયથી આકાશ તરફ મીટ માંડીને બેઠેલા ધરતીપુત્રો માટે આ વરસાદ આશાનું કિરણ બનીને આવ્યો છે. વાવણીલાયક સીઝનની તૈયારીઓ વચ્ચે મેઘરાજાની પધરામણી થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચોમાસા

અનુસંધાન પાના ૬ ઉપર

## ખાનગી બસમાં ચોરખાનુ બનાવી દારૂની હેરફેર

# અમરેલીનાં બાયપાસ નજીકથી વિદેશી દારૂની બોટલ ઝડપી લેવાઈ

**બે આરોપીની અટકાયત અન્ય એકની શોધખોળ**

અમરેલી, તા. ૧૯
મધ્યપ્રદેશ રહેતા ગજરાજ કેરમસીંહ ડાવર તથા દિલીપભાઈ દુકાલસીંહ સોલંકી નામના બે પરપ્રાંતિયા ઈસમોને આરોપી સુરેશભાઈ વસુનીયાએ તેમની બસમાં ચોરખાાનું બનાવી તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની કંપની રીંગપેક બોટલ નંગ–૩૭ જેની કિંમત રૂપિયા ૮૩૬૨ તથા બીયર ૫૦૦ એમ.એલ. ના ટીન નંગ–૬૬ કિંમત રૂપિયા ૮૨૫૦ તથા પેસેન્જર બસ નં. એમ.પી.–૦૯ ઝેડ.જી.–૯૯૯૦ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭,૨૬,૬૧૨ ના મુદ્દામાલ સાથે હેરફેર કરતા બે આરોપીને પોલીસે ઝડપી લીધા હતા તેમજ એક આરોપી હાજર નહી મળી આવતા તેમની શોધખોળ આદરી છે.

## ગાંધીબાગ સામે બહુમાળી ભવનની દીવાલને સમાંતર લાગેલ હોર્ડિંગ જોખમી

# અમરેલીમાં અકસ્માત નોતરે તેવા મસમોટા હોર્ડિંગનું સ્થળાતંર કરવુ અત્યંત જરૂરી બન્યું છે

**તાજેતરમાં માર્ગની પહોળાઈ વધી જતાં અગાઉ લગાવેલ હોર્ડિંગને અંદર ખસેડવા પડશે**



અમરેલી, તા. ૧૯
અમરેલી શહેરનાં જુદા–જુદા માર્ગોની પહોળાઈ વધારવામાં આવી રહી છે. જે અંતર્ગત નાગનાથ બસ સ્ટેન્ડથી સરદાર સર્કલ સુધીનો માર્ગ પહોળો બની જતાં બહુમાળી ભવનની દીવાલને સમાંતર અગાઉ લાગેલ ૨ હોર્ડિંગ માર્ગની વચ્ચે અડચણ રૂપ બની ગયા હોય, પાલિકાનાં શાસકોએ બંને હોર્ડિંગને થોડા અંદરની બાજુ ખસેડવા માટે હોર્ડિંગ કપનીને સુચના આપીને અકસ્માતની ઘટના બંને તે પહેલા કાર્યવાહી કરાવવી જરૂરી બની છે.

શહેરમાં ઠેકઠેકાણે હોડ્િગની માયાજાળ જોવા મળે છે. એવા સમયે પાલિકા ધ્વારા શહેરમાં લાગેલ તમામ હોર્ડિગની ચકાસણી કરીને નિયમ મુજબનાં માપ–સાઈઝ કે સ્થળ પર છે કે, કેમ તેની ચકાસણી કરીને ચોમાસામાં અકસ્માત ઘટના થતી અટકાવવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
- Liaisonig Officer - 1
- Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
- Reporting Manager - 1
- Sales Co - Ordinator - 1
- Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,32,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)